PNR સો., બે.મૂં. શાળા અને ફોરમની સંસ્થાઓ

# કોશિશ થી કામયાબી

1-8-1974

વિકલાંગોના પુનઃસ્થાપનની પ્રવૃત્તિનું માસિક

૧૫ જૂન - ૨૦૧૯, અંક નં. ૭૮/૪૪



એ.ટી. એન્ડ ટી. ટેક્નોલોજી પાર્કના સિહોર સેન્ટરનો વિધીવત પ્રારંભ



શ્રી સાંઈરામ દવે દ્વારા નિઃશુલ્ક હાસ્ય મંથનનો કાર્યક્રમ




'અંકુર' શાળાના મંદબુધ્ધિ બાળકો માટે ચેરીટી શોનું આયોજન

શ્રી સાંઈરામ દવેનું સન્માન



કર્મચારીઓનો અભિવાદન કાર્યક્રમ

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2019-21◆ Monthly
Date of Publication : 15 June - 2019 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24

# શ્રીમતી રશ્મિ-મનહર સહાયનિધિ કોર્પસ ફંડ



શ્રીમતી રશ્મિ-મનહર સહાયનિધિ કોર્પસ ફંડના આર્થિક રીતે નબળા વર્ગના બહેરાં-મૂંગા વ્યકિતઓ પોતાના કુટુંબનું સારી રીતે ભરણ પોષણ કરી શકે, અને સ્વમાનથી સમાજમાં જીવી શકે તે માટે આ યોજનાના લાભાર્થીઓને ૫૦% રાહતદરે અનાજ તથા અન્ય જીવન જરૂરિયાતની વસ્તુઓ આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૯ નું **મહા અન્નદાન** તા. ૪-૫-૧૯ ના આ યોજનાના કાયમી દાતાઓની હાજરીમાં રાખવામાં આવેલ, જેમાં કુલ ૧૨૯ બહેરાં-મૂંગા લાભાર્થીઓને દરેકને ૫૦ કી. ઘઉં, ૧૦ કી. ચોખા, ૫ કી. ખીચડીના ચોખા, ૫ કી. તુવેરદાળ, ૫ કી. ચણાદાળ, ૩.૫૦૦ મગફાડા, તેલનો ડબ્બો, ૧ ડબ્બો, ૧૫ કી. ખાંડ, ૩ કી. ગોળ, સાબુ નંગ ૧૨, ટુથપેસ્ટ નંગ-૨, ટુથબ્રશ નંગ-૩ તેમના બાળકોને અભ્યાસ માટે સ્ટેશનરી અને ૧૨૯ લાભાર્થીઓમાંથી કુલ ૮૯ ફેમિલીને નંગ-૩ નીલકમલ પ્લાસ્ટિક ખુરશીનો સેટ આપવામાં આવેલ. શ્રી ચિરાગભાઈ પટેલની દીકરી પીહુના જન્મદિને સર્વ લાભાર્થીઓને આઈસ્ક્રીમ કેન્ડી ખવરાવેલ તથા શ્રી હીરાભાઈ સાચાપરા તરફથી દરેક લાભાર્થી અને તેના પરિવારજનોને ઠંડુ સરબત પીવરાવેલ. આ મહા અન્નદાન ફંકશનમાં કાયમી દાતા શ્રી નટવરભાઈ (કાકુભાઈ) સોની, તથા શ્રીમતી નિરૂમતીબેન નટવરભાઈ તથા શ્રીમતી રીટાબેન લખાણી, શ્રી હિતેશભાઈ કાંતિલાલ મહેતા, સંસ્થાના મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી જીતુભાઈ શાહ, શ્રી અનંતભાઈ એ. શાહની ઉપસ્થિત પ્રેરણાદાયી રહી. આ ફંડની તમામ કામગીરી સંસ્થાના વેલ્ફેર ઓફિસર શ્રીમતી બિન્દીબેન ત્રિવેદી સંભાળે છે.

# શ્રી અને શ્રીમતી વિમળાલક્ષ્મી રમણલાલ ઓ. સંઘવી સ્ટાફ વેલ્ફેર કોર્પસ ફંડ



શ્રી અને શ્રીમતી વિમળાલક્ષ્મી રમણલાલ ઓ. સંઘવી સ્ટાફ વેલ્ફેર કોર્પસ ફંડમાં મર્યાદિત પગાર ધોરણવાળા કર્મચારીઓ જેઓ ખૂબ નિષ્ઠાથી, ખંત અને સેવાભાવનાથી નાના બહેરાં-મૂંગા બાળકોને પ્રેમથી લાલન-પાલન કરે છે, તેઓ પણ પોતાના કુટુંબનું સારું ભરણ પોષણ કરી શકે તે માટે, તેઓને દર માસે ૫૦% રાહતદરે અનાજ તથા અન્ય જીવન જરૂરિયાતની વસ્તુઓ આપવામાં આવે છે. તા. ૩-૫-૧૯નાં રોજ મે માસમાં કુલ ૪૫ લાભાર્થીઓને દરેકને ૨૫ કિ. ઘઉં, અને જૂન-૨૦૧૯ની મસાલાની કીટ જેમાં મરચુ ૧ કિ., હળદર ૧ કિ., ધાણાજીરૂ ૧ કિ., રાય ૧ કિ., આખું જીરૂ ૫૦૦ ગ્રામ, હીંગ ૫૦૦ ગ્રામ આપવામાં આવેલ છે. આ ફંડની તમામ કામગીરી સંસ્થાના વેલ્ફેર ઓફિસર શ્રીમતી બિન્દીબેન ત્રિવેદી સંભાળે છે.







# કોશિશ થી કામયાબી

**આ અંકમાં ...**


- INDEX . . . . . . . . . . . . . . . . . ૦૩
- CONTENTS AT A GLANCE. . . . . . ૦૪
- PNR હોસ્પિટલમાં સફળ ઓપરેશન . . ૦૫
- શિક્ષકોનો અભિવાદન સમારોહ . . . . ૦૫
- રીસોર્સ સેન્ટરની મુલાકાત . . . . . . . ૦૬
- સી.પી. વિદ્યાર્થીની સિદ્ધિ . . . . . . . ૦૬
- નિરામયા હેલ્થ પોલીસી વિષે . . . . . ૦૬
- કેસ સ્ટડી - સી. પી. શાળા . . . . . . ૦૭
- રોટરી ક્લબ-મુંબઈના સભ્યોની સંસ્થા મુલાકાત . . . . . . . . . . . . ૦૮
- સંક્ષિપ્ત સમાચાર-PNR સોસાયટી-PD ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર . . . ૦૯
- કેસ સ્ટડી - પોલીઓ હૉસ્પિટલ . . . . ૦૯
- સંક્ષિપ્ત સમાચાર-PNR હૉસ્પિટલ. . . ૧૦
- બુધેલ - કેટ્રેક્ટ કેમ્પ . . . . . . . . . ૧૦
- યંગ ઈન્વેસ્ટિગેટર્સ એવોર્ડ . . . . . . . ૧૦
- સંક્ષિપ્ત સમાચાર-Hightech શાળા . . ૧૧
- અભિપ્રાય . . . . . . . . . . . . . . . . ૧૧
- સંક્ષિપ્ત સમાચાર-C.P. શાળા . . . . . ૧૨
- દિશા કમ વિકાસ પ્રોજેક્ટ . . . . . . . ૧૩
- સંક્ષિપ્ત સમાચાર-A.T. & T. ટેક. પાર્ક . ૧૪
- અભિપ્રાય . . . . . . . . . . . . . . . . ૧૪
- સંક્ષિપ્ત સમાચાર-બહેરાંમૂંગા શાળા . . ૧૫
- સંક્ષિપ્ત સમાચાર-K.L. છાત્રાલય . . . ૧૬
- સંક્ષિપ્ત સમાચાર-T.T.C.-H.I. . . . . ૧૭
- સંક્ષિપ્ત સમાચાર-PRV . . . . . . . . ૧૮
- મમતાબેનની કહાણી. . . . . . . . . . ૧૮
- સંક્ષિપ્ત સમાચાર-'અંકુર' શાળા . . . . ૧૯
- સંસ્થાગત કાર્યોમાં વ્યક્તિની ઓળખ . ૨૦
- અમો ઋણી છીએ દાતાઓના . . . . . ૨૧
- લાઈબ્રેરી કોર્નર . . . . . . . . . . . . ૨૨
- આભાર પત્ર . . . . . . . . . . . . . . ૨૨
- અન્ય સંસ્થા સમાચાર . . . . . . . . . ૨૨


**પ્રિય વાચક મિત્રો,**

**'કોશિશ થી કામયાબી'** મેગેઝિન આપના હાથમાં મુકતાં આનંદની લાગણી અનુભવું છું.

## દિવ્યાંગોની વિકાસયાત્રાની સુવર્ણતકો હવે પછી...

૨૦૧૪માં લોકસભાની ચૂંટણીએ **દિવ્યાંગ મિત્ર** વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વડપણમાં દિવ્યાંગોના અનેક પ્રશ્નોને વાચા મળી, ઘણાં સમાધાનો થયાં, દા.ત. ખોડખાંપણવાળા, વિકલાંગને સન્માનિત શબ્દ 'દિવ્યાંગ' મળ્યો. પી.એન.આર. સોસાયટી સંલગ્નિત બહેરાં મૂંગા શાળાના મૂક-બધિર બાળકોએ રો રો ફેરી બોટમાં માનનીય શ્રી નરેન્દ્રભાઈ સાથે ઘોઘા-દહેજની જલયાત્રા માણી, દેશભરમાં સાઈન લેંગ્વેજ એક જ થાય એ મુદ્દા પર કામ મળ્યું. ઘણાં સુધારા-વધારા સાથે વિકલાંગ ધારો-૨૦૧૬ પસાર કરવામાં આવ્યો. સમધારણ બાળકો સાથે મુખ્યધારામાં દિવ્યાંગોને લાવવા ઈન્કલુઝન-સમ્મિલીનીકરણની પ્રક્રિયાએ દિવ્યાંગો, વાલીઓ, શિક્ષકો, વિશિષ્ટ શિક્ષકો, વાલીઓ અને સામાન્યજનોનુ માઈન્ડ સેટ ચેન્જ કરવા પર અસરકારક કામ થયું. આપણી સંસ્થાના ફાઉન્ડર ટ્રસ્ટી શ્રી બાબાભાઈએ હમણાંજ ભારત સરકારને એક પત્ર પાઠવીને યથાયોગ્ય ભલામણ કરી કે, દિવ્યાંગોને કોર્પોરેટ ક્ષેત્ર સ્વિકારી રોજગાર આપે અને તેઓ સમાજના ઉત્પાદકો તરીકે યોગદાન આપે, એ હેતુસર સરકારશ્રી સી.એસ.આર. નીચે ૧૦૦% વળતર આપે, તો દિવ્યાંગો જલ્દી આર્થિક રીતે પગભર થાય અને આપણી 'ઈકોનોમી'ને સધ્ધર બનાવે.

દિવ્યાંગોના સૂર્યોદયની ભૂમિકા તૈયાર જ છે. દિવ્યાંગોને આશાનું કિરણ દેખાઈ રહ્યું છે. ૨૦૧૯ માં ભારતની જનતાએ ફરી વખત આપણાં માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીમાં વિશ્વાસ મુકીને, ફરી તેમની સરકાર આવી છે ત્યારે, વિકલાંગ ધારાના અમલીકરણમાં ઝડપ આવશે. શિક્ષણ, તબીબી સેવાઓ અને પુનર્વસનમાં ખૂબ કામ કરાશે અને લોકસભામાં પણ અમુક ટકા સભ્યો દિવ્યાંગ હોય, તેને સભ્યપદ આપવા બંધારણમાં જરૂરી સુધારા કરાશે તો આગામી વર્ષોથી અલગ રીતે વિશેષતા ધરાવતો વ્યકિત - ડિફરન્ટલી એબલ, સમધારણ કરતા પણ ઘણી બાબતોમાં અસામાન્ય છે, જે આવનાર સરકારને સહયોગી બની શકે, તેવો આશાવાદ રાખી શકાય.

**કિરીટ રાઠોડ**

It is impossible to enjoy idling thoroughly unless one has plenty of work to do. There is no fun in doing nothing when you have nothing to do. Wasting time is merely an occupation then and a most exhausting one.

**- Jerome K Jerome**


- **Koshish Thi Kamyabi**
  RNI No. GUJGUJ/2013/48176
  Postel Reg. No. L2/36/RNP/
  BVR-414/ 2019-21, Monthly
- **અંક નં. : ૭૮/૪૪૪**
  ૧૫ જૂન - ૨૦૧૯
- **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
  ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
  ફોન : ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
  ૨૪૩૧૧૬૦
  **E-mail :** info@pnrsociety.org
  klinstitute.deaf@gmail.com
  **Visit us :** www.pnrsociety.org
  www.klinstitutedeaf.org
- તંત્રી
  **અનંત કે. શાહ**
- સહતંત્રી
  **અશ્વિન પંડ્યા**
  **કિરીટ રાઠોડ**
- પ્રિન્ટિંગ
  **અંબા ઑફસેટ, ગાંધીનગર.**
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
  **આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦**
- **ચેક ''શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર''ના નામનો આપવા વિનંતી.**
- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
  **રાજેશ પટેલ**
- સંપાદક મંડળ
  **વૈશાલી ચોગી**
  **નેહલ ત્રિવેદી**
  **પ્રજ્ઞા પંડ્યા**
  **આરિફ જેઠવા**
  **પારસ શાહ**
  **ભરત કનાડા**
  **મનસુખ સોરઠિયા**



- **જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| ક્વાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |




# CONTENTS AT A GLANCE



✍ K. D. PADIA

### ◈ KLID Prepares for next Academic Session

The K. L. Institute for the Deaf (KLID) organized parents' meeting with a view to encouraging parents to be important partners of the educational and social development of their wards. Awarding kits to Beauty Parlour successful trainees, felicitations to makers of 'Kekarav' cultural event and distribution of essential cereals and spices to lowpaid staff at half the rates have been important activities of the institute.

### ◈ "Ankur's" Fund-raising Initiative

A 'Hasya Darbar' by Shri Sairam Dave was organized by the Ankur Special School for Mentally Retarded Children on 17$^{th}$ May, 2019 in local Iscon Club. An appeal for the donation for the Ankur School received very positive response from the audience of 2100 and a sizeable fund could be raised. It is gratifying to mention that the programme was a great success and it was clicked by more than 63000 people on Face Book. Congratulations to team of Ankur!

### ◈ PNR Hospital's praise-worthy services

In outgoing March and April the PNR Special Hospital rendered different medical services to 6144 patients averaging hundred patients a day. Surgery included polio (32), eye (331), ENT (27), plastic surgery (26), hair-implant (5), ortho-dental (221), squint eye (2), oral surgery (11) and pediatric dental (2). The hospital in a rare initiative, two accident victims who were deprived of treatment at District Hospital on account of not having plastic surgeon, were treated by visiting renowned plastic surgeon of Mumbai available at PNR Hospital. Congratulations to plastic surgeon Dr. Naresh Wadhava and team headed by Shri Mahasukhbhai Jakadia, Chairman of the PNR Special Hospital.

### ◈ Other Activities

Prevention of blindness-deafness and plastic surgery activities of the Pravinchandra Dalal Disability Prevention Center, C. P. School's celebration of Autism Day, Voting Awareness Campaign, Summer Camp, Yoga Session, Hydrotherapy Session and AT&T Technology Park's opening of Sihor Center and organisation of seminar aimed at to educate disabled for digital world have been important events.

## Spotlight

The Founder Trustee of PNR Society Shri Anantray Shah has sent an appeal to Hon. Prime Minister of India for providing incentive to private sector for employing trained Divyangs in their setups. In his appeal, Shri Anantrai Shah suggested that the expenditure incurred by the private sector for salaries and facilities raised for them be covered under CSR and thereby providing tax-exemption. He hoped, by this revolutionary step, the private sector will be encouraged to employ Divyangs and thereby complying reservation mandated under the law.

# પી.એન.આર. હોસ્પિટલમાં સફળ ઓપરેશન

દર્દીનું નામ : **સુરાભાઈ અમરાભાઈ ખટાણા**
ઉંમર વર્ષ : **૪૮**, ગામ : **દડવા**

સુરાભાઈ અમરાભાઈ ખટાણા, પોતે છકરડો હાંકી ગુજરાન ચલાવે છે, ડ્રાઈવિંગ દરમ્યાન વાહન પલટી ખાય જતાં જમણાં પગની પાનીમાં પતરૂ વાગતાં, પાની કપાય ગયેલ અને હાડકામાં ફ્રેકચર થયેલ તથા લોહીની નસ કપાય જતાં, સર. ટી. હોસ્પિટલમાં સારવાર માટે ગયેલ. જયાં પાનીમાં ટાંકા લઈ, સારવાર આપી રજા આપેલ.

ત્યારબાદ આઠ દિવસ પછી પગની ચામડી કાળી પડી જતાં તેઓ પી.એન.આર. હોસ્પિટલમાં બતાવવા આવેલ. તપાસ દરમ્યાન તેમને પ્લાસ્ટિક સર્જરી તથા ઓર્થો.ની સારવારની જરૂરિયાત હોય, તેમને પ્લાસ્ટિક સર્જન ડૉ. નરેશ વાઘવા તથા ઓર્થોપેડિક સર્જન ડૉ. સંજીવ રવીસાહેબે સાથે મળીને ઓપરેશનને સફળ બનાવેલ. આવાં ઓપરેશન પ્રાઈવેટ હોસ્પિટલમાં ખૂબજ ખર્ચાળ હોય છે, પરંતુ પી.એન.આર. હોસ્પિટલમાં આ ઓપરેશન સાવ રાહતદરે કરવામાં આવેલ.





# શ્રી ખી. લ. બહેરાં-મૂંગા શાળાના શિક્ષકોનો અભિવાદન કાર્યક્રમ

તા. ૯ માર્ચના રોજ શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળાના બાળકો દ્વારા યશવંતરાય નાટયગૃહ ખાતે વાર્ષિકોત્સવ અંતર્ગત "કેકારવ" સાંસ્કૃતિક કાર્યક્રમ ખૂબ સફળતાપૂર્વક રજૂ કરાયો. આ બાળકોને તૈયાર કરવા માટે શાળાના તમામ કર્મચારીઓ કે જે આ કાર્યક્રમ સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જોડાયા હોય, તેઓ પણ આ સફળતાના ભાગીદાર છે તેવું માનતા શાળાના મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયાએ, તે સર્વે લોકોનું સુંદર ભેટ આપી, ટ્રસ્ટી-કાર્યકર્તાઓ દ્વારા અભિવાદન કરેલ. સર્વે કર્મચારીગણે આભારની લાગણી વ્યકત કરેલ.







# તળાજા - મહુવા રીસોર્સ સેન્ટરની મુલાકાત





તા. ૨૬-૪ ના રોજ સંસ્થાના માનદ્‌મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ, ડૉ. કલ્પેશભાઈ દેસાઈ (ફિઝીયોથેરાપીસ્ટ) તથા શ્રી કેતનભાઈ રૂપેરા, તળાજા તથા મહુવા રીસોર્સ સેન્ટરની મુલાકાતે ગયેલ. બંને સેન્ટર ઉપર વાલી મીટિંગ કરવામાં આવેલ. તેમાં શ્રી કેતનભાઈ રૂપેરાએ મુલાકાતનો હેતુ સમજાવેલ. ત્યારબાદ માનદ્‌ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડે વાલીઓને સી.પી. સ્કૂલમાં એડમિશન માટે, તેમજ સેન્ટરમાં ૧ વર્ષ રેગ્યુલર આવનાર લાભાર્થીને રૂા. ૪૦૦૦/- રીક્ષા સહાય તથા વાલીઓને નિરામયા હેલ્થ પોલિસી અંતર્ગત લાભ લેવા જણાવેલ. વાલીઓ પ્રતિભાવમાં રીસોર્સ સેન્ટરની કામગીરીથી સંતુષ્ટ હતાં. ડૉ. કલ્પેશભાઈએ બાળકોને રેગ્યુલર કસરત માટે આવવાના લાભો સમજાવ્યાં, તેમજ જરૂરી લાગે તેવા બાળકોને ફિઝીયોથેરાપી દ્વારા કસરત કરાવી અને તપાસ કરેલ. સંસ્થા દ્વારા મોકલવામાં આવેલ નાસ્તાનું આ પ્રસંગે બાળકોને વિતરણ કરવામાં આવેલ.

## મગજના લકવાથી પીડિત વિદ્યાર્થીની સિદ્ધિ

**પી. એન. આર. સોસાયટી, ભાવનગરના તળાજા સ્થિત રીસોર્સ સેન્ટરમાં, મગજના લકવાથી પીડિત ફિઝીયોથેરાપી તથા સ્પે. એજ્યુ. સારવાર લઈ રહેલ વિદ્યાર્થી ડોડિયા પરાગ મનસુખભાઈએ ચાલું વર્ષમાં ધો. ૧૦ની બોર્ડ પરીક્ષામાં ૮૮.૧૦% હાંસલ કરી, ઉજ્જવળ સિદ્ધિ પ્રાપ્ત કરી છે, જે બદલ સંસ્થા પરિવાર તેને શુભેચ્છા પાઠવે છે.**



## નિરામયા હેલ્થ પોલિસી

**નિરામયા હેલ્થ પોલિસી** ચાર પ્રકારના દિવ્યાંગોને જરૂરી સ્વાસ્થ્ય વીમા કવચ, દવાઓ, મળી રહે છે તે માટે નેશનલ ટ્રસ્ટ, ન્યુ દિલ્હી એ આ યોજના અમલમાં મુકી છે. તે માટે ઓનલાઈન વીમાનું પ્રિમીયમ રૂા. **500/-** ભરવાથી રૂા. ૧ લાખ સુધીની સહાય મળે છે, બી.પી.એલ. દિવ્યાંગોને માટે માત્ર રૂા. **250/-** પ્રિમીયમ છે, ગામડાંના લાભાર્થીઓને પ્રિમીયમ ભરવામાં મુશ્કેલી પડતી હોય છે. આવા લાભાર્થીઓ વીમા કવચથી વંચિત ન રહી જાય તે માટે સંસ્થા દ્વારા ઓનલાઈન પ્રિમીયમ ભરવાની વ્યવસ્થા કરેલ છે. વર્ષના અંતે ગુજરાત સરકાર પ્રિમીયમની રકમ સંસ્થાને ચૂકવી આપે છે. વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન કુલ **102** દિવ્યાંગ લાભાર્થીઓના ઓનલાઈન ફોર્મ ભરી આપેલ, તેમાંથી કુલ **23** લાભાર્થીઓ હોસ્પિટલાઈઝ થયેલ. તેનો કુલ ખર્ચ નેશનલ ટ્રસ્ટે **રૂા. 1,28,712/-** ની ચૂકવણી જે તે લાભાર્થીના બેંક એકાઉન્ટમાં જમા કરાવેલ છે, અત્યાર સુધીમાં **500** દિવ્યાંગોને નિરામયા હેલ્થ પોલીસી હેઠળ આવરી લેવાયા છે અને **50** દિવ્યાંગોને કુલ **રૂા. 3,50,000/-** નો કલેમ પાસ કરાવેલ છે, આ કાર્ય **PNR સોસાયટીના દિવ્યાંગ શ્રી હિતેષભાઈ ઓઝા** ખૂબજ ખંતથી કરી રહયાં છે. આ કાર્ય છેલ્લાં સાત વર્ષથી સંસ્થામાં ચાલે છે.

ઝરો ટકો

# કેવલ કલ્પેશભાઈ સોલંકી

✍ કાર્તિકભાઈ વ્યાસ





કેવલ જયારે પ્રથમવાર શાળામાં આવ્યો ત્યારે નિર્દોષ નજરે બધી જ વસ્તુઓ, શાળાનું વાતાવરણ, શાળાનો સ્ટાફ નિહાળતો હતો. ગ્રામ્ય વિસ્તાર માંથી આવતો હોવાથી પી.એન.આર. સોસાયટી સંચાલિત નટરાજ સી.પી. સ્કૂલમાં મળતી આટલી બધી વ્યવસ્થા, કેવલને અનુરૂપ શાળાનું બાંધકામ, બેઠક વ્યવસ્થા, વ્હીલચેર વ્યવસ્થા, ફિઝીયોથેરાપી, ઓકયુપેશન થેરાપીની સારવાર જાણે તેના માટે એક વિકાસપંથ સામે જ હોય તેમ ધીમે ધીમે તે પંથ પર ચાલવા લાગ્યો.

સૌ પ્રથમ શાળામાં એડમિશન લઈ કેવલ વર્ગમાં આવ્યો ત્યારે વર્ગમાં પોતાને ઢાળવામાં મુશ્કેલી અનુભવી. તેમની માતાને સાથે રાખતો. થોડા સમય બાદ નિયમિત વર્ગમાં હાજરી આપવાથી તેને વાતાવરણ ખુબ જ ગમવા લાગ્યું. તેણે પોતાના વર્ગમાં તેમજ શાળામાં સલામતી અનુભવી. વર્ગમાં તેણે આપવામાં આવતુ લેશન તેમજ લેખન, વાંચનની ક્રિયા શીખવા લાગ્યો. સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાંગાકાર શીખવામાં તે વર્ગના અન્ય સી.પી. બાળકની સરખામણીએ, ટૂંકા સમયમાં શીખવા લાગ્યો. તેણે ચિત્રમાં રંગ પૂરવા, શ્લોકનું ગાયન, નિબંધ લેખન, વાંચન, જાણે તેના માટે સરળ થવા લાગ્યાં.

એક વર્ષમાં તેણે જાણે અહીંની ટેકનોલોજી તેના માટે આશીર્વાદ રૂપ સાબિત થઈ. તેણે શાળામાંથી બાળકોને રીચીંગ ટુ અનરીચ પ્રોજેકટ દ્વારા વર્ગમાં આપવામાં આવેલા Tabletનો ઉપયોગ શરૂ કર્યો. ધીમે ધીમે તેમાં તેને વિવિધ Applications જે શ્રી જિજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન નીચે બધા જ Tabletમાં ઈન્સ્ટોલ કરવામાં આવેલી, તે તેને માટે ખુબ જ ઉપયોગી નીવડી. તે તેમાં ખુબ જ ઉત્સાહપુર્વક ઉપયોગ કરવા લાગ્યો. ધીમે ધીમે લેપટોપ તેમજ કમ્પ્યુટરમાં ટાઈપ કરવુ, ચિત્રમાં રંગ પુરવા, વગેરે સરળતાથી કરવા લાગ્યો. કેવલ, હવે જાતે જ બધુ ઓપરેટ કરી શકે છે. પહેલા સ્પીડથી કાર્ય કરવામાં અસમર્થ હતો, પણ સમય જતા સ્પીડ પણ વધી તે જોતા તેના માતા-પિતાને જાણે કેવલનો નવો અવતાર થયો હોય તેવું લાગે છે.

કેવલને અમદાવાદ ખાતે વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લેવાનું થયું. તેમાં તેણે બાળકોમાં પ્રથમ તેમજ All Catagaryમાં પાંચમાં ક્રમે આવી, શાળા તેમજ સંસ્થાનું નામ રોશન કર્યુ. સમયની ઝડપની સાથે કેવલનો પણ વિકાસ થવા લાગ્યો તેણે Science Fairમાં ભાગ લીધો, તેમાં પ્રથમ નંબર મેળવ્યો, શાળામાં વિવિધ વકતૃત્વ સ્પર્ધા, શ્લોકગાનમાં સિધ્ધિઓ પ્રાપ્ત કરી.

કેવલના માતા-પિતાના કહેવા પ્રમાણે, “નટરાજ સી.પી. સ્કૂલમાં આવ્યા બાદ કેવલના જીવનમાં એક નવો વળાંક આવ્યો છે. તેને હવે વિકાસના શિખરો સર કરવા તરફ ડગ માંડયા છે. શાળાના સ્ટાફ તેમજ અન્ય વાલીઓનો ખૂબ જ સહયોગ પ્રાપ્ત થયો છે. જેનાથી અમે શાળા તેમજ સંસ્થાના આભારી છીએ...”



# શ્રી હર્ષદભાઈ શેઠ અને રોટરી કલબ મુંબઈ-નોર્થના સભ્યો સંસ્થા મુલાકાત





તા. ૩૦/૩/૧૯ ના રોજ સંસ્થાના ટ્રસ્ટી અને દાતા શ્રી હર્ષદભાઈ શેઠ (ગલિયાકોટવાળા) અને તેમની સાથે રોટરી કલબ મુંબઈ-નોર્થના સભ્યો સર્વશ્રી રોટેરીયન સંજીવ કુલકર્ણી (પ્રેસિડેન્ટ ઓફ રોટરી કલબ), સંગીતા કુલકર્ણી (ફર્સ્ટ લેડી ઓફ ધી કલબ), રોટેરીયન ફિરોઝ કાચવાલા, (ટ્રસ્ટી ચેરીટેબલ ટ્રસ્ટ મુંબઈ નોર્થ કલબ), રોટેરીયન ડિનણ ડેલવાડવાળા (ઈન્કમિંગ પ્રેસિડેન્ટ ઓફ ધ કલબ), રોટેરીયન હિતેશ શર્મા (મેમ્બર), રોટેરીયન ગુલામ તૈયબઅલી (મેમ્બર), રેખાબેન શેઠ (રોટરી કલબ ઓફ મુંબઈ નોર્થ) વિગેરે પી.એન.આર. સોસાયટીની મુલાકાતે આવેલ.

સૌ પ્રથમ વિદ્યાનગરમાં આવેલ બહેરાં મૂંગા શાળાની મુલાકાત લીધી જયાં શ્રી અનંતભાઈ કે. શાહ (બાબાભાઈ) એ શાળાના પ્રવેશ દ્વાર ઉપર સ્વાગત કરેલ. ત્યારબાદ લાઈબ્રેરી, શાળાના વર્ગમાં અભ્યાસ કરતા બાળકો, આર્ટીફીશ્યલ લીંબ સેન્ટર, ઓડિયોલોજી ડિપાર્ટમેન્ટની મુલાકાત લીધી. ત્યારબાદ કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળાની મુલાકાતે ગયેલ. જેમાં ખાસ વિઝયુઅલ ઈમ્પેર્ડ બાળકો કોમ્પ્યુટરનો ઉપયોગ કરે છે. તેના વિશે માહિતી લીધી. તેમજ બ્રેઈલ લીપી, વોકેશનલ કલાસ, ઈલેકટ્રીક મોટર રિવાન્ડીંગ વિભાગની માહિતી લીધી. ત્યારબાદ પી.એન.આર. હોસ્પિટલના ચેરમેન શ્રી મહાસુખભાઈ જકડીયા સાથે કોન્ફરન્સ હોલમાં બેઠક કરી. હોસ્પિટલના જુદા-જુદા વિભાગ તથા હોસ્પિટલમાં સારવાર લેવા આવેલ દર્દીઓની મુલાકાત લીધી. ત્યારબાદ સી.પી. સ્કૂલના અર્લી ઈન્ટરવેન્શન વિભાગની મુલાકાત લીધી. ત્યારબાદ ‘અંકુર’ શાળાની મુલાકાતે જતા. દિવ્યાંગ બાળકો દ્વારા પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ અને શાળાના જુદા-જુદા વિભાગની મુલાકાત લીધી. દિવ્યાંગ બાળકોને મળીને આવેલ મહેમાનો ભાવુક થઈ ગયેલ. ત્યારબાદ સી.પી. સ્કૂલમાં શ્રી જીજ્ઞાબેન સોલંકીને મળીને શાળાના હાઈડ્રોથેરાપી વિભાગ, મ્યુઝિક થેરાપી તથા અન્ય વિભાગોની મુલાકાત લીધી. તેમજ હાઈટેક ઈન્કલુઝીવ સ્કૂલ દ્વારા બાળકોને અદ્યતન શિક્ષણ પધ્ધતિથી શિક્ષણ આપવામાં આવે છે તેનો ડેમો બતાવવામાં આવેલ. પ્રિવેન્શન વિભાગની મુલાકાત દરમ્યાન તેમાં ચાલતા બ્લાઈન્ડનેશ અને ડેફનેશ પ્રિવેન્શન, રૂબેલા પ્રિવેન્શન, વિકલાંગ મહિલા સશકિતકરણ પ્રોજેકટની માહિતી આપી. એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કની મુલાકાત લઈ. રોટરી કલબ મુંબઈ-નોર્થના દરેક સભ્યોની મીટિંગ શ્રી બાબાભાઈ તથા એકટીવ મેમ્બર્સની મીટિંગ રાખવામાં આવેલ.

તા. ૩૧/૩/૧૯ ના રોજ શ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલની મુલાકાત લઈ. સી.પી. સ્કૂલના ‘એન્યુઅલ ડે’ નો પ્રોગ્રામ‘સફર સફળતાની...’ પ્રોગ્રમમાં આવેલ. જયાં તેઓ બાળકોનો રંગારંગ કાર્યક્રમ જોઈ અભિભૂત થઈ ગયા. શાળામાં વર્ષ દરમ્યાન સારી કામગીરી કરી હોય તેવા સ્ટાફ તથા બાળકોને મોમેન્ટો આપી પ્રોત્સાહિત કર્યા હતાં. આમ બે દિવસની મુલાકાતમાં સંસ્થા વિશે પ્રયત્ક્ષ માહિતી મેળવી. તમામ વિઝીટ સંસ્થાના સેકેટરી જનરલ શ્રી પારસભાઈ શાહે કરાવેલ હતી.



# સંક્ષિપ્ત સમાચાર

✍ પારસ શાહ



## PNR - Pravinchandra Dalal Disability Prevention Centre

### ડેફનેસ - બ્લાઈન્ડનેસ




પી.એન.આર.સોસાયટી, **પ્રવિણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર** અન્વયે, અંધત્વ અને બહેરાશ કાર્યક્રમ અંતર્ગત, આ બે મહિનામાં શાળાઓના કુલ **૧૭૯૨૯** બાળકોની આંખ-કાનની તપાસ કરેલ. જેમાં આંખને લગતી તકલીફવાળા **૩૨૮** બાળકો તથા કાનને લગતી તકલીફવાળા **૩૮૨** બાળકોને તપાસ્યાં હતાં. જેઓને **સંસ્થા દ્વારા વિનામૂલ્યે જરૂરી સારવાર તથા ઓપરેશન** કરી આપવામાં આ બે માસ દરમિયાન **૧૨** કાનનાં ઓપરેશન કરેલાં તેમાં Tympanoplastyનાં **૪** તથા Mastoidectomy નાં **૮** ઓપરેશન ડૉ. અશોક બારૈયા (ENT સર્જન) દ્વારા PNR હોસ્પિટલમાં સફળતાપૂર્વક કરી આપવામાં આવ્યાં હતાં.

### પ્લાસ્ટિક સર્જરી કેમ્પ :-



એપ્રિલ થી મે - ૨૦૧૯ બે પ્લાસ્ટિક સર્જરી કેમ્પનું આયોજન શ્રી જયંતભાઈ વાનાણી (બુધાભાઈ પટેલ) તથા શ્રી નટવરભાઈ મેઘજીભાઈ પટેલ, અમદાવાદનાં સહયોગથી કરવામાં આવ્યું હતું. જેમાં કુલ **૭૮** બાળકોને તપાસી તથા લેસર ટ્રીટમેન્ટ માટેના નિદાન કરી, કુલ **૨૬** બાળકોના ફ્રી ઓપરેશન કરી આપવામાં આવ્યાં છે. જેમાં **૯** કપાયેલાં હોઠના, **૪** તાળવામાં કાણાંના, **૫** હાઈપોસ્પીડીયા, તેમજ **૮** પોસ્ટ બર્ન ઓપરેશન, મુંબઈનાં સુપ્રસિધ્ધ પ્લાસ્ટિક સર્જન ડૉ.નરેશ વાધવાએ કર્યા હતાં, જેમાં ડૉ. નિરવ ધોળકિયા તથા ડૉ. મેહુલ મોદી (એનેસ્થેટિક), પ્રિવેન્શન ડિપાર્ટમેન્ટ તથા હોસ્પિટલ નર્સિંગ સ્ટાફેની જહેમત ઉઠાવી હતી.

## કેસ સ્ટડી

| | |
|---|---|
| દર્દીનું નામ | : **સાર્થક વાઢેલ** |
| ઉંમર | : **૧ વર્ષ** |
| સરનામુ | : **ગામ- પાંચ પીપળા, તા. તળાજા** |
| પિતાનું નામ | : **મુકેશભાઈ** |
| માતાનું નામ | : **બીનાબેન** |
| વ્યવસાય | : **મિસ્ત્રીકામ (સુથારીકામ)** |







તળાજાના સરકારી દવાખાને નોર્મલ ડિલીવરી દ્વારા જન્મેલ સાર્થકને તાળવામાં કાણું હતું. વિવિધ ડૉકટરોને બતાવ્યા બાદ, દોઢ વર્ષની ઉંમરે પી.એન.આર. હોસ્પિટલમાં ડૉ. નરેશ વાધવા સાહેબે તપાસ અને જરૂરી રીપોર્ટ કરાવી, તા. ૫-૧ ના રોજ સાર્થકનું સફળતાપૂર્વક ઓપરેશન કરેલ. સામાન્ય પરિસ્થિતિમાં જીવતા મા-બાપ સાર્થકને નવી જીંદગી આપવા બદલ સંસ્થાના આભારવશ હતાં.



# સંક્ષિપ્ત સમાચાર

✍ મહાસુખભાઈ જકડિયા



## પી. એન. આર. હૉસ્પિટલ

**માર્ચ-૧૯ થી એપ્રિલ-૧૯ દરમ્યાન, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહત દરે સારવાર આપવામાં આવેલ છે**

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશનના દર્દીની સંખ્યા | વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશનના દર્દીની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ઓર્થોપેડિક | ૬૯૧ | ૩૨ (૦૫ પોલિયો) | એક્ષ-રે | ૨૫૪ | - |
| આંખ | ૧૪૦૦ | ૩૩૧ | લેબોરેટરી | ૬૯૮ (દર્દી) | ૧૮૯૪ (ટેસ્ટ) |
| ઈ.એન.ટી. | | | રસીકરણ | ૬૯ | - |
| (કાન,નાક,ગળા) | ૭૫૭ | ૨૭ | રૂબેલા | ૪૬ | - |
| ઓર્થોસ્કોપી | ૫૮ | - | ચામડી | ૫૨ | - |
| પ્લાસ્ટિક સર્જરી | ૭૫ | ૨૬ | ઓરલ સર્જન | ૦૭ | ૧૧ |
| લેસર ટ્રીટમેન્ટ | - | - | ફિઝિશ્યન વિ. | ૮૬ | - |
| હેર ઈમ્પ્લાન્ટ | ૧૫ | ૦૫ | ત્રાંસી આંખ | ૬૪ | ૧૪ |
| ઓર્થોડેન્ટલ | ૨૬૬ | ૨૨૧ | પીડિયાટ્રીક | | |
| જનરલ ઓપીડી | ૧૫૬૩ | - | ડેન્ટલ | ૦૨ | ૦૨ |

## કેટ્રેક્ટ કેમ્પ - બુધેલ

પી.એન.આર. હોસ્પિટલ દ્વારા બુધેલ ગામમાં ડૉ. ધર્માશું કરશનભાઈ કિકાણી હોસ્પિટલના સ્થાપના દિવસે **ધ દલાલ ફેમિલી ફાઉન્ડેશન** (યુ.એસ.એ.) તથા ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીકસીટી કોર્પોરેશન લિમિટેડ, વડોદરાના **સ્વર્ણિમ ઉર્જા ટ્રસ્ટ**ના આર્થિક સહયોગથી વિનામૂલ્યે **નેત્ર નિદાન કેમ્પ**નું આયોજન તા. ૧૩-૪-૧૯ ના રોજ કરવામાં આવેલ.

પી.એન.આર. હોસ્પિટલના ઓપ્થેલ્મિક સર્જન ડૉ. પાયલબેન અરોરા દ્વારા, આંખની તકલીફવાળા જરૂરિયાતમંદ ૧૦૫ લાભાર્થીને પ્રાથમિક તપાસ કરી જરૂરિયાત મુજબ ટીપાં, દવા આપવામાં આવેલ, તે પૈકી ૧૦ દર્દીઓને મોતિયાબિંદુના ઓપરેશન પી.એન.આર. હોસ્પિટલમાં કરવામાં આવેલ. આ કેમ્પમાં પી.એન.આર. હોસ્પિટલના ચેરમેનશ્રી મહાસુખભાઈ જકડિયા, પી.એન.આર. સોસાયટીના માનદ્ મંત્રીશ્રી કિરીટભાઈ રાઠોડ, તેમજ કાર્યકર્તા શ્રી એ. જી. તન્નારાણાએ હાજરી આપી પ્રોત્સાહિત કરેલ હતાં. પી.એન.આર. હોસ્પિટલ સ્ટાફ, પ્રિવેન્શન સ્ટાફ તથા કીકાણી હોસ્પિટલના કર્મચારી અને શકિત ચેરીટેબલ ટ્રસ્ટના પદાધિકારીઓ દ્વારા કેમ્પને સફળ બનાવવામાં આવેલ. ગ્રામ્ય વિસ્તારમાં આ પ્રકારના કેમ્પ યોજાતા દર્દી લભાન્વિત બને છે, તેમ આગેવાનો તરફથી પ્રતિભાવ મળેલ.

## યંગ ઈન્વેસ્ટિગેટર્સ એવોર્ડ



ઈન્ટરનેશનલ સોસાયટી સંચાલિત ISAKOS અમેરિકા તરફથી, આપણી હોસ્પિટલમાં સેવાને સમર્પિત ડૉ. ઉજ્જવલ ડેલીવાળા (એમ.એસ. ઓર્થો.) ને તા. ૧૨ થી ૧૭ મે, ૨૦૧૯ ના રોજ **યંગ ઈન્વેસ્ટિગેટર્સ**ના એવોર્ડ એનાયત થનાર છે. દુનિયાના દેશોમાંથી ૨૦ ડૉકટરને આ એવોર્ડ પ્રાપ્ત થશે, જેમાં ઈન્ડિયામાંથી ૭ ડૉકટરશ્રીઓ મેકિસકો ખાતે પસંદગી પામેલ. જેમાં ગુજરાતમાંથી ભાવનગરના આપણાં ડૉકટર ડેલીવાળા છે, જે મેકિસકોમાં મળનાર કોન્ફરન્સમાં હાજરી આપશે તથા નવા સંશોધન અને મેડિકલ સાયન્સની અદ્યતન ટેકનોલોજીથી વાકેફ થશે. સાથે ઈન્ટનેશનલ સોસાયટી તરફથી તેમને 1,500/- US ડોલરની સ્કોલોરશીપ પ્રાપ્ત થશે. ડૉ. ઉજ્જવલ ડેલીવાલા, આપણી હોસ્પિટલમાં જોઈન્ટના ક્રીટિકલ અને ઓર્થો.ના મેજર ઓપરેશન, દર્દીને રાહતદરથી કરી આપે છે. તેને મળનાર એવોર્ડ પ્રસંગે પી.એન.આર. સોસાયટી શુભેચ્છા પાઠવે છે.

# સંક્ષિપ્ત સમાચાર

✍ ડૉ. ધીરુભાઈ ધંધુકિયા



## 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ

### ચિત્ર સ્પર્ધા



તા- ૨૩-૩ ના રોજ ચિત્રકાર અંજલીબેન મહેતા દ્વારા હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલમાં ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ચિત્ર સ્પર્ધામાં બાલમંદિર અને ધો-૧ થી ૫ નાં બાળકોએ ભાગ લીધો હતો. આ ચિત્ર સ્પર્ધામાં બાળકોને પ્રોત્સાહન મળી રહે તે માટે શ્રી ડી.જે. ધંધુકિયા અને આચાર્ય શ્રી હિતેનભાઈ હાજર રહ્યા હતાં.

### ધો-૧૧ ની Entrance Exam

તા. ૨૪-૩ ના રોજ શાળામાં ધો-૧ની *Entrance Exam* નું આયોજન કરવામાં આવ્યું હતુ. ૪૦ બાળકોએ હાજરી આપી હતી. આ Examની કામગીરી શિક્ષકશ્રી અજયભાઈ પેઢડિયા, અને તેમના સાથી મિત્રો વિપુલભાઈ ડાભી, દક્ષાબેન પંડ્યા, શ્રદ્ધાબેન મોજીદ્રા, નિકીતાબેન કનોજીયા, કાજલબેન રાઠોડ અને ભૂમિબેન મકવાણા એ સંભાળી હતી.

### સમર કેમ્પ-૨૦૧૮-૧૯



તા- ૨૦-૪-૧૯ થી ૨૯-૪-૧૯ સુધી શાળામાં અંજલીબેન મહેતાનાં માર્ગદર્શન હેઠળ સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમર કેમ્પમાં ૨૧ બાળકોએ ભાગ લીધો હતો. જેમાં પેપર ડીશ માંથી મોર અને ઘડિયાળ, હેંગિંગ બટર ફલાય, પેપર બાસ્કેટ, કાચબો જેવી વિવિધ પ્રવૃતિઓ કરાવવામાં આવી હતી.

### C.P. સ્કૂલનો એન્યુઅલ ડે

તા- ૩૧-૩ ના રોજ C.P. સ્કૂલનાં એન્યુઅલ ડે માં શાળાનાં બાળકોએ ભાગ લીધો હતો.'સફર સફળતાની...' આ કાર્યક્રમમાં બ્રાઝિલ ડાન્સ અને કરાટે ડાન્સ, એમ બે કૃતિઓ રજૂ કરવામાં આવી હતી.



### અભિપ્રાય

૧૧ લાખ ઉપરાંત જરૂરિયાતમંદ લોકોને એક વર્ષમાં ઉપયોગી થવું એ અદ્ભૂત વાત છે, જે પી.એન.આર. અને તેની સંલગ્નિત સંસ્થાઓ કરી રહી છે. અને આ સાચા અર્થમાં ભાવનગરની સેવા સુવાસ બની રહી છે.

**- શ્રી નાનકભાઈ ભટ્ટ, (માનદ્ મંત્રી, શિશુવિહાર)**

"પી.એન.આર. સોસાયટી વિકલાંગો માટે આશીર્વાદ સમાન છે." **- શ્રી હીનાબેન ભટ્ટ, (શિશુવિહાર)**



# સંક્ષિપ્ત સમાચાર

✍ જીજ્ઞાબહેન શાહ



## મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની વિશિષ્ટ શાળા

### બાળ ભોજન

શ્રીમતી અંબિકાબેન પ્રદિપભાઈ ટેકરીવાલ તરફથી સ્વ. પરમાદેવી ટેકરીવાલના આત્મશ્રેયાર્થે, સી.પી. સ્કુલ, ઓટીઝમ સ્કુલ, ડે-કેર સેન્ટર, દિશા-વિકાસ પ્રોજેક્ટના વિદ્યાર્થીઓને મિષ્ટાન ભોજન તથા વોટર બોટલ આપવામાં આવી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ અંબિકાબેન તથા પરિવાર જનોનો ખુશીથી આભાર વ્યકત કર્યો હતો.

### 'ઓટિઝમ ડે'ની ઉજવણી



તા. ૨-૪ ના રોજ ઓટિઝમ દિન નિમીત્તે, શાળાના આચાર્ય શ્રી જિજ્ઞાબેન સોલંકી દ્વારા ઓટિઝમ બાળકોના વાલીઓને માર્ગદર્શન આપવામાં આવેલ, તેમજ આ બાળકોમાં કેપેસીટી બીલ્ડીંગ અંગે શોર્ટ ફિલ્મ બતાવી, વાલીઓને સમજાવેલ. ત્યાર બાદ અલગ-અલગ રીત થી બાળકો, શિક્ષકો તેમજ વાલીઓને અંતાક્ષરી રમાડી, તેઓને ક્રમાંક આપી પ્રોત્સાહિત કરેલ હતાં.

### મતદાન જાગૃતિ સેમીનાર

શ્રી પી.એન.આર. સોસાયટી સંચાલિત નટરાજ સી.પી. સ્કૂલમાં તા.૪-૪ ના રોજ, મગજના લકવા ગ્રસ્ત વિદ્યાર્થીઓ માટે 'મતદાન જાગૃતિ સેમિનાર' નું આયોજન



કરવામાં આવેલ. જેમાં કલેકટર કચેરીથી પધારેલ. EVM માસ્ટર ટ્રેનર શ્રી અલયભાઈ અગ્રાવત અને શ્રી અજયભાઈ મહેતા દ્વારા, વિદ્યાર્થીઓને મતદાન વિશેની સંપૂર્ણ માહિતી આપ્યા બાદ EVM મશીન પર લાઈવ ડેમોસ્ટ્રેશન આપી, બાળકોને મતદાનની પ્રક્રિયાનુ માર્ગદર્શન આપેલ. મતદાન એટલે શું? મતદાન કોણ કરી શકે? મતદાન શા માટે હોય? મતદાન પ્રક્રિયામાં પોતાના અધિકારો અને સવલતો શું છે? એ વાત થી સી.પી. બાળકો તદ્દન અજાણ હોય છે. પોતાની શારીરિક હલન-ચલનની મર્યાદાને કારણે પોતાના નાગરિકતાની ફરજને હકારાત્મક રીતે બજાવી શકવા અસમર્થ છે. પરંતુ સેમિનારનો મુખ્ય ઉદ્દેશ જ એ હતો કે તેનામાં જાગૃતી આવે અને પોતાનાં મત અધિકારનો સચોટ ઉપયોગ કરી, દેશ પ્રત્યે પોતાની ફરજ અદા કરી શકે. આ કાર્યક્રમમાં શ્રી પ્રદિપસિંહ ગોહિલ, શ્રી તેજપાલસિંહ ગોહિલ (સમાજ સુરક્ષા ખાતું, ભાવનગર) તથા સંસ્થાના માનદ્ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડે ઉપસ્થિત રહી, કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ કાર્યક્રમનું શ્રી જિજ્ઞાબેન સોલંકીનાં માર્ગદર્શન હેઠળ, મદદનીશ નોડલ અધિકારી શ્રી વિભૂતીબેન વ્યાસે કરેલ.

### સમર કેમ્પ

સમર કેમ્પ દરમિયાન તા. ૧૬-૪ ના રોજ ઓટિઝમ સ્કૂલમાં અમે બાળકો સાથે બલુન્સ પાર્ટીનુ આયોજન કરેલ. જેમાં બાળકો પાસે ફુગ્ગા ફુલાવી અને સુશોભન કરી અને બાળકો



પાસે ફુગ્ગાની રમતની મજા માણેલ. જેમા બાળકોને ખુબ જ આનંદ આવેલ તથા આ ઉપરાંત ઓટિઝમ સ્કૂલના શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને આકૃતિ સુશોભન કરતા શીખવવામાં આવેલ. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા જુદા-જુદા આકારો, રમકડા,

ફ્લેશ કાર્ડ, વડે સુંદર આકૃતિ બનાવવામાં આવેલ. જેના દ્વારા વિદ્યાર્થીઓને જુદાજુદા સ્પર્શ, આકારો, નાની-મોટી વસ્તુની, રંગોની સમજ, તફાવત શોધવા, વસ્તુઓ જુદી તારવવી, એક સરખી વસ્તુઓ ભેગી કરવી વગેરે જેવા ખ્યાલોની સમજ પુરી પાડવામા આવેલ.

### યોગા સેશન



તા. ૨૦-૪ ના રોજ નેસ્ટ યોગા કલાસના સભ્યો દ્વારા સી.પી. સ્કુલની હોસ્ટેલના બાળકોનું યોગા સેશન અને સવારના નાસ્તા સાથે સમર કેમ્પની પ્રવૃત્તિ શરૂ કરવામાં આવેલ. જેમાં સી.પી. સ્કુલના સ્ટાફ મેમ્બર્સ,વિદ્યાર્થીઓ અને નેસ્ટ યોગા કલાસના ૩૦ સભ્યો જોડાયેલ. કાર્યક્રમનુ સંકલન અને એન્કરીંગ શ્રી લાલજીભાઈ પંડયા, મિસિસ ચેતનાબેન બગડિયા તથા ઈલીઝાબેન ઠકકરે કરેલ.

### હાઇડ્રોથેરાપી સેશન

નટરાજ સી.પી. સ્કૂલમાં સમરકેમ્પ અંતર્ગત સવારના ૧૦



થી ૧૨ વાગ્યા સુધીના સમયગાળામાં સી.પી. સ્કૂલ તથા ઓટીઝમ ડે સ્કૂલના બાળકોને સારા સ્વાસ્થય માટે હાઈડ્રોથેરાપી સેશન દ્વારા તેમને પાણીની અંદર કસરત કરાવવામાં આવી હતી. જેથી તેમને શારીરિક શ્રમ ઓછો પડે અને કસરત યોગ્ય પ્રમાણમાં થાય.

તા. ૨૦ થી ૩૦-૪ સુધી દરરોજ, શ્રી વરૂણભાઈ વ્યાસ, શ્રી કલ્પેશભાઈ દેસાઈ, શ્રી કાર્તિકભાઈ વ્યાસ, શ્રી જિજ્ઞાબેન દ્વારા સી.પી. ઓટીઝમ, મલ્ટીપલ ડિસેબલ્ડ, મસ્કયુલર ડિસ્ટ્રોફી વિદ્યાર્થી ભાઈ-બહેનોને હાઈડ્રોથેરાપીની વિશેષ સારવાર આપવામાં આવી. આ વીક દરમ્યાન ૪૦ વિદ્યાર્થીઓએ રીચીંગ ટુ અનરીચ પ્રોજેકટ અને કે.એન. શાહ ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઈ તરફથી આપવામાં આવેલ હાઈડ્રોથેરાપી કીટનો સદ્ઉપયોગ કર્યો હતો.

## દિશા કમ વિકાસ પ્રોજેક્ટ

આ પ્રોજેકટ નટરાજ રીસર્ચ સેન્ટર ટ્રેનિંગ કોલેજના બિલ્ડિંગમાં ભારત સરકારની નેશનલ ટ્રસ્ટની આર્થિક મદદથી ચાલે છે. જેમાં ૫૦ જેટલાં લાભાર્થીઓ છે. આ પ્રોજેકટની કામગીરીમાં નેશનલ ટ્રસ્ટે છેલ્લાં માર્ચ-૨૦૧૬થી ડિસેમ્બર-૨૦૧૮ સુધીમાં કુલ રૂા. ૩૬,૩૬,૫૫૦/- નું આર્થિક અનુદાન આપેલ છે, જે સંસ્થા માટે ગૌરવની વાત છે. આખા ગુજરાતમાં નેશનલ ટ્રસ્ટ, પી.એન.આર. સોસાયટીને સૌથી વધારે ફંડ આપે છે. આખા ભારતની ૩૫ સંસ્થાઓમાંથી પી.એન.આર. સોસાયટીને પસંદગી થઈ છે. આ પ્રોજેકટના કો-ઓર્ડિનેટર તરીકે ડૉ. અમીત મિત્રા (સિનીયર ઓકયુપેશનલથેરાપીસ્ટ) કામ કરે છે. સાથે શ્રી બીનાબેન જાની (સ્પે. એજયુ.), શ્રી ખુશ્બુબેન મહેતા (સ્પે. એજયુ.), ડૉ. લતાબેન ધોરી (ફિઝીયોથેરાપિસ્ટ), શ્રી રીનાબેન વસોયા અને શ્રી હર્ષાબેન પાડલીયા કેરગીવર્સ તરીકે સેવા આપે છે.

### હેલ્થ ચેકઅપ કેમ્પ

દિશા કમ વિકાસ પ્રોજેકટ અંતર્ગત તા. ૧૦-૧-૧૯ ને ગુરૂવારે **હેલ્થ ચેકઅપ કેમ્પ**નું આયોજન કરેલ. જેમાં ડૉ. પ્રવિણ ગોસાઈએ ૩૫ બાળકોની આરોગ્યની તપાસ કરેલ તથા વાલીઓને આરોગ્ય વિશે માર્ગદર્શન આપેલ.

### શૈક્ષણિક પ્રવાસ

દિશા કમ વિકાસ પ્રોજેકટ અંતર્ગત ગણપતપુરા, અરણેજ, લોથલ તા.૧૨-૧-૧૯ના રોજ શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરેલ. જેમાં પ્રોજેકટના ૨૨ બાળકો, વાલીઓ તથા ૪ શિક્ષકોએ પ્રવાસમાં ભાગ લીધેલ.

આ પ્રવાસનો મુખ્ય ઉદ્દેશ્ય વિકલાંગતા ધરાવતાં બાળકો, સામાન્ય બાળકો સાથે હળીમળીને રહે અને મનોરંજન કરી શકે તેવો હતો. આ પ્રવાસના સફળ આયોજનમાં શ્રી હર્ષાબેન પાડલિયા અને શ્રી રીનાબેન વસોયાએ ભારે જહેમત ઉઠાવી હતી.



# સંક્ષિપ્ત સમાચાર

✍ કૌશિક પરમાર



## એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્ક એન્ડ ઈન્સ્ટિટ્યૂટ

### એ. ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કના સિહોર સેન્ટરનો વિધીવત પ્રારંભ




પી.એન.આર. સોસાયટી સંચાલીત એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી પાર્ક, ભાવનગરમાં હાલ ગુજરાતભરના વિકલાંગ ભાઈ-બહેનો કોમ્પ્યુટરની વિનામૂલ્યે તાલીમ મેળવી રહયા છે. વિકલાંગ ભાઈ-બહેનોને આવવા-જવાની સમસ્યા દૂર કરવા તથા પોતાના ઘર નજીક જ તાલીમ મેળવી શકે તેવા હેતુથી, સંસ્થાના સિહોર રીસોર્સ રૂમ ખાતે એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કની શાખામાં વિકલાંગ ભાઈ-બહેનોને વિનામૂલ્યે કોમ્પ્યુટરની તાલીમ આપવાનો વિધીવત્ પ્રારંભ તા. ૧૬.૪.૨૦૧૯ના રોજથી કરવામાં આવ્યો. સેન્ટરની ઉદઘાટનવિધી શ્રી દલાલ ફેમીલી ફાઉન્ડેશનના પ્રતિનિધી શ્રી તોરલબેન દ્વારા સંપન્ન થઈ હતી. પ્રારંભિક તબકકામાં કોમ્પ્યુટર બેઝિક કોર્સમાં કુલ ૧૬ તાલીમાર્થીઓનું એનરોલમેન્ટ થયુ અને પાર્ટટાઈમ વિઝીટિંગ ફેકલ્ટી તરીકે શ્રી જીજ્ઞાબેન દવે કાર્યરત થયા છે. આ ઉદઘાટન પ્રસંગે સંસ્થાના સ્થાપક શ્રી અનંતભાઈ કે. શાહ (બાબાભાઈ), સંસ્થાના સેક્રેટરી જનરલશ્રી પારસભાઈ શાહ, માનદમંત્રીશ્રી કિરીટભાઈ રાઠોડ, શ્રી એ.જી. તન્નારાણા તથા એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી પાર્કના કો-ઓર્ડીનેટર શ્રી સુકેતુભાઈ શાહ અને કાઉન્સેલર શ્રી મેહુલભાઈ બુધેલીયા ઉપસ્થિત રહેલ.

### એ. ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્ક ખાતે યોજાયેલ સેમિનારમાં ઈસરોના શ્રી જલદીપભાઈ વાળાનું વકતવ્ય



પી.એન.આર. સોસાયટી સંચાલિત એ. ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં તા. ૧૮.૫.૨૦૧૯ ના રોજ **"આજના યુગમાં વિકસતી ટેકનોલોજી અને દિવ્યાંગોનો વિકાસ"** વિષય ઉપર સેમિનાર યોજાઈ ગયો. વકતા તરીકે ઈસરોમાં કાર્યરત શ્રી જલદીપભાઈ વાળાએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા, દિવ્યાંગોને ખૂબજ ઉપયોગી એવી ટેકનોલોજી વિષે શ્રેષ્ઠ માહિતી આપેલ. સેમિનારમાં એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી પાર્કનો તમામ સ્ટાફ તથા વિશાળ સંખ્યામાં વિકલાંગ ભાઈ-બહેનોએ ઉપસ્થિત રહી ટેકનોલોજીની જાણકારી મેળવવાનો લાભ લીધો હતો. સેમિનારનું આયોજન એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી પાર્કના ભૂતપૂર્વ ફેકલ્ટી શ્રી મહીમ્નભાઈ પંડયા દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમના પ્રારંભમાં શ્રી પારસભાઈ શાહ તથા શ્રી મહીમ્નભાઈ પંડયાએ સેમિનારની ઉપયોગીતા વિષે પ્રાસંગિક વકતવ્ય આપેલ. શ્રી જલદીપભાઈ વાળા, દિવ્યાંગ હોવા છતાં ટેકનોલોજીની જાણકારી અને કોમ્પ્યુટરની આવડતના માધ્યમથી ઈસરો જેવી સંસ્થામાં અને સમાજમાં પોતાનું ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરી શકયા, તે બદલ સંસ્થાના સ્થાપક શ્રી અનંતભાઈ કે. શાહ (બાબાભાઈ) દ્વારા શ્રી જલદીપભાઈને અભિનંદન પાઠવવામાં આવેલ.

**અભિપ્રાય**

વિકલાંગોની જન્મ પછીની વિટંબણાઓને દૂર કરવાનું કાર્ય પી.એન.આર. સોસાયટી કરે છે.

**- શ્રી દિલીપભાઈ પાઠક (શિશુવિહાર)**



# સંક્ષિપ્ત સમાચાર

✍ વૈશાલી યોગી



## શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા - ટ્રસ્ટ

### મતદાન જાગૃતિ કાર્યક્રમ



આ વર્ષે લોકસભાની ચૂંટણીના અનુસંધાને પુખ્ત શ્રવણમંદોને ચૂંટણીની સામાન્ય પ્રક્રિયાથી અવગત કરાવવા માટે, ચૂંટણી વિભાગના બે અધિકારીઓ શાળામાં આવેલ અને ધો. ૭ અને ધો. ૮ ના વિદ્યાર્થીઓને લોકસભાની થનાર ચૂંટણી વિશે ખૂબજ વિગતવાર માહિતી સમજાવેલ.

### CRE કાર્યક્રમ

વડોદરા ખાતે, NCED આયોજિત CRE કાર્યક્રમમાં શાળાના શિક્ષક શ્રી કીર્તિભાઈ ગોહિલ અને શ્રી ગજાનનભાઈ ભટ્ટે ભાગ લીધો હતો અને શ્રવણમંદ બાળકોના શિક્ષણની વિશેષ માહિતી મેળવી હતી અને બુધવારની શિક્ષકોની મીટિંગમાં તેના વિશે વાતચીત કરેલ.

### સાંસ્કૃતિક કાર્યક્રમ

૩૧ માર્ચના રોજ નટરાજ સ્થિત સી.પી. શાળાના બાળકોનો રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયેલ. આ કાર્યક્રમમાં શ્રી ખી. લ. બહેરાં-મૂંગા શાળાની દિકરીઓની રાજસ્થાની **ફોક ડાન્સ**ની કૃતિ મહેમાન કૃતિ તરીકે રજૂ કરવામાં આવેલ.

### વાલી મીટિંગ (માધ્યમિક શાળા)

તા. ૩-૫-૧૯ ના રોજ શાળાના મહાવીર ઓડિટોરિયમમાં માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની વાલી મીટિંગ યોજાયેલ. જેમાં પૂર્વ આચાર્યશ્રી ચેતનાબેન કોઠારી, શ્રી જીતેશભાઈ, શિક્ષકો, વિદ્યાર્થીઓ તથા વાલીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમમાં વાલીઓને, વિદ્યાર્થીઓના વિકાસ અંગેની માહિતી, સૂચનો આપવામાં આવ્યા. વાલીઓના પ્રતિભાવો પણ લેવાયાં હતાં. જેમાં



વાલીઓએ આ બાળકોની માતૃભાષા એવી **સાઇન લેંગ્વેજ** શીખવા માટેના વર્કશોપનું આયોજન થાય, તેવી ઈચ્છા વ્યકત કરેલ. ગૃહમાતા શ્રી સ્નેહાબેને પણ જરૂરી સૂચનો તથા વિદ્યાર્થીનીઓ પ્રત્યેની પોતાની લાગણી વ્યકત કરી હતી.

### વાલી મીટિંગ (પ્રાથમિક વિભાગ)



તા. ૪-૫-૧૯ ના રોજ મહાવીર ઓડિટોરિયમમાં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની વાલી મીટિંગ યોજાયેલ. જેમાં આખું વર્ષ વિદ્યાર્થીઓએ કરેલ વિવિધ પ્રવૃત્તિઓના ફોટાઓનું નિદર્શન વાલીઓને કરાવાયેલ. મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયાએ પોતાના બાળકો માટે વાલીઓએ કેવી ભૂમિકા ભજવવી ? તે અંગે પ્રેરણાત્મક ઉદ્‌બોધન આપેલ. છાત્રાલયના મેમ્બર શ્રી મીતાબેન ઓઝાએ બાળકોને વેકેશનની શુભેચ્છા આપેલ. ગૃહમાતા શ્રી સ્નેહાબેને વાલીઓને જરૂરી સૂચનો કરેલ. ત્યારબાદ દરેક વર્ગના પ્રથમ, દ્વિતિય નંબર લાવનાર વિદ્યાર્થીઓને શ્રી તારાબેનના ફંડમાંથી રોકડ પુરસ્કાર આપવામાં આવેલ. ત્યારબાદ

શિક્ષકો પાસેથી પોતાના આખા વર્ષનું સરવૈયું એવું પરિણામ લઈ, સૌ પોતાના વાલી સાથે પોતાના ઘરે વેકેશન માણવા ગયેલ. શાળાના આચાર્યશ્રી ઈલાબેન મજમુદારે શિક્ષકો તથા બાળકોને ખુશખુશાલ વેકેશનની શુભેચ્છા આપેલ.

## શ્રી બાબાભાઈનો જન્મદિવસ



૭ એપ્રિલ એટલે સંસ્થાના દીર્ઘદ્રષ્ટા વડીલશ્રી બાબાભાઈનો જન્મદિવસ ! આ દિવસની ઉજવણી કરવા માટે શાળાના તમામબાળકો અને કર્મચારીગણ થનગનતા હોય છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ શાળાના મહાવીર ઓડિટોરીયમમાં શીરાથી મોં મીઠું કરાવી, તેઓના જન્મદિવસની ઉજવણી કરવામાં આવી. શાળા પરિવારના તમામ લોકોએ તેમને દિર્ઘાયુ અને તંદુરસ્ત જીવનની ખૂબ-ખૂબ શુભેચ્છા આપેલ. શ્રી બાબાભાઈ તરફથી સમગ્ર સંસ્થા પરિવારને કેન્ડી ખવરાવી ઉજવણી કરવામાં આવી.

## શ્રૃંગાર પ્રોજેક્ટ

VSCI (અમેરિકા) અંતર્ગતની સહાયથી શાળામાં ચાલતાં **શ્રૃંગાર પ્રોજેક્ટ** અંતર્ગત તાલીમ લીધેલી વિદ્યાર્થીનીઓને **કીટ વિતરણ**નો કાર્યક્રમ તા. ૧૧-૪-૧૯ ના રોજ મહાવીર ઓડિટોરિયમમાં યોજાયેલ. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ



તરીકે શ્રી ભાગ્યશ્રીબેન મહેતા તથા મહેમાન શ્રી મીરાબેન પંડયાએ હાજરી આપેલ અને બ્યૂટી પાર્લરની તાલીમ લીધેલ દીકરીઓને ખૂબ-ખૂબ શુભેચ્છા આપી, પ્રેરણાત્મક ઉદ્‌બોધન આપેલ. સંસ્થામાં ઘણાં વર્ષથી ચાલતાં શ્રૃંગાર પ્રોજેક્ટ અંતર્ગત દર વર્ષે મોટી દીકરીઓને બ્યૂટી પાર્લરની સંપૂર્ણ તાલીમ આપી, તેનું કૌશલ્ય પ્રાપ્ત કરાવાય છે. શિક્ષણ પૂર્ણ થયા પછી પોતાના આ હુન્નરથી દીકરીઓ પોતાના ઘરે જઈને, આ કામ કરીને પગભર થઈ શકે છે. આ વર્ષે કુલ ૧૧ દીકરીઓને તાલીમ આપી અને બ્યૂટી પાર્લર ચલાવવા માટે જરૂરી તમામ વસ્તુની કીટ તથા પ્રમાણપત્ર આપવામાં આવેલ. શ્રી ચેતનાબેન કોઠારી તથા મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયાએ પ્રસંગને અનુરૂપ ઉદ્‌બોધન આપેલ તથા દીકરીઓને ખૂબ-ખૂબ શુભેચ્છા આપેલ.



# સંક્ષિપ્ત સમાચાર

સ્નેહાબેન જોષી



## કે. એલ. છાત્રાલય તથા ચંદાબેન મોહનભાઈ પટેલ છાત્રાલય

## વિવિધ પ્રસંગોએ બાળકોને નાસ્તો-ભોજન કરાવનાર દાતાશ્રીઓ...

- તા. ૧૪/૪ના રોજ ભગવાનભાઈ લલ્લુભાઈ પરમાર તરફથી છાત્રાલયના બધાજ બાળકોને આઈસ્ક્રીમ.
- તા. ૧૭/૪ના રોજ ડૉ. યોગેશભાઈ શિરીષચંદ્ર ઉપાધ્યાયના જન્મદિન નિમિત્તે, ડૉ. દર્શનાબેન યોગેશભાઈ ઉપાધ્યાય હસ્તે, શ્રી કુંજલબેનના સૌજન્યથી આઈસક્રીમ.
- તા. ૨૦/૪ ના રોજ શાળાના શિક્ષકશ્રી દર્શનાબેન જાનીએ બાળકોના મનપસંદ બરફ ગોલા.
- તા. ૨૪/૪ના રોજ શ્રી અમિતભાઈ શાહ તરફથી છાત્રાલયના બાળકોને ચેવડો-ભેળ.
- તા. ૨૩/૪ના રોજ શ્રી રજનીશભાઈ એમ. શાહ હસ્તે. આશાબેન-મૃદુલાબેન દ્વારા છાત્રાલયના બાળકોને સાદા ભોજન સાથે કેરીનો રસ.
- તા. ૨૮/૪ ના રોજ મહેન્દ્રભાઈ વર્ધમાન દોશી તરફથી છાત્રાલયના તમામ બાળકોને ભોજન સાથે રસ.
- તા. ૨૯/૪ ના રોજ શ્રી જાડેજાભાઈ તરફથી ભોજન તથા રસ.
- તા. ૨૮/૪ ના રોજ વિહાન શાહના જન્મદિને છાત્રાલયના તમામ બાળકોને ઢોસા, મન્ચુરીયન, પાઉંભાજી, પીઝા, કોલ્ડ્રિંકસ આપી બાળકોની પરીક્ષા પૂર્ણથવાની ખુશીમાં વધારો કરેલ.
- તા. ૧/૫ ના રોજ વિરાંશ આદર્શ શાહના જન્મદિન નિમિત્તે તમામ બાળકોને આઈસક્રીમ.
- તા. ૨/૫ ના રોજ રસિકભાઈ રમણભાઈ દોશીના આત્મશ્રેયાર્થે બાળકોની જરૂરિયાત મુજબ નાની-મોટી વસ્તુઓ આપેલ.
- તા. ૨/૫ ના રોજ સ્નેહાબેન, શ્રી સંગીતાબેન, શ્રી વૃંદાબેન, શ્રી મનીષાબેન, શ્રી સુનિતાબેન, શ્રી નેહલબેન તરફથી છાત્રાલયના તથા લોકલ બધાજ બાળકો તથા સંપૂર્ણ કર્મચારીગણને આઈસ્ક્રીમ.



# સંક્ષિપ્ત સમાચાર

✍ સંતોષ યાદવ



## ટિચર્સ ટ્રેનિંગ કોલેજ (એચ.આઈ.)

### પ્રેક્ટિકલ પરીક્ષા



સંસ્થા સંચાલિત બી. એડ. સ્પે. એજ્યુ. (એચ.આઈ.) તથા ડી. એડ. સ્પે. એજ્યુ. (એચ.આઈ.) ની આંતરિક થિયરી તથા પ્રેકટિકલ પરીક્ષાઓ આ બે મહિનાઓમાં સફળતાપૂર્વક લેવામાં આવેલ. સાથો-સાથ ફૂલ ટાઈમ ટિચીંગ ખી.લ. બહેરાં-મૂંગા શાળામાં લેવામાં આવેલ.

### રંગોળી સ્પર્ધા

તા. ૩ નવેમ્બર ૨૦૧૮ ના રોજ ટિચર્સ ટ્રેનિંગ કોલેજના તાલીમાર્થીઓ દ્વારા તેમના વર્ગને રંગોળીથી સુશોભિત કરવાની સ્પર્ધા યોજાય હતી. જેમાં ઉત્સાહવર્ધન કરવા માટે સંસ્થાના મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયા, ટ્રસ્ટી શ્રી જીતુભાઈ શાહ, કોલેજના હેડ ઓફ ડિપાર્ટમેન્ટ શ્રી સંતોષભાઈ યાદવ, પ્રાધ્યાપકો શ્રી અજીતભાઈ, મીરાબેન, મંજુબેન યાદવ અને દયાબેન વાંકાણી ઉપસ્થિત રહ્યાં હતાં.

### NCED ગુજરાત ચેપ્ટર ૨૦૧૮

NCED ગુજરાત ચેપ્ટર ૨૦૧૮નું આયોજન તા. ૬-૭ અને ૮ ડિસેમ્બર ૨૦૧૮ ના રોજ નવસારી ખાતે યોજવામાં આવેલ. તેમાં TTC ના લેકચરર શ્રી અજીતકુમાર દ્વારા Roll of Teaching of Mathematics for Children with Hearing Impairment વિષય પર પેપર રજૂ કરવામાં આવેલ તેમજ અન્ય ત્રણ પેપર તાલીમાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવેલ. જેનું માર્ગદર્શન TTC ના આચાર્ય શ્રી સંતોષભાઈ યાદવ દ્વારા આપવામાં આવેલ.

### ક્રોસ ડિસેબિલિટી ઈન્ટર્નશીપ

બી. એડ સ્પે. એડયુ. (એચ.આઈ.) ૨૦૧૭-૧૯ ના અભ્યાસક્રમમાં ક્રોસ ડિસેબિલિટી સંબંધિત, ફૂલ ટાઈમ ટિચીંગ ઈન્ટર્નરશીપ નટરાજ સી.પી. સ્કૂલ, 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળા, સરદારનગર અને શ્રીમતી મહાલક્ષ્મીબેન અને શ્રી જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક શાળા કરવામાં આવ્યું હતું.

### C.B.R. કાર્યક્રમ

ટિચર્સ ટ્રેનિંગ કોલેજના બી. એડ. અને ડી.એડ. સ્પે. એજયુ. (એચ.આઈ.) ના અભ્યાસક્રમ અંતર્ગત આવતા, સમુદાય આધારિત પુનર્વાસ કાર્યક્રમ, ધોધા તાલુકાના કોળિયાક, હાથબ, હાથબ તલાવડી અને ગુંદી ગામમાં તા. ૧૬-૪-૨૦૧૯ થી તા. ૨૦-૪-૨૦૧૯ દરમિયાન યોજાઈ ગયો. જેમાં કુલ ૪૬ તાલીમાર્થીઓએ ગામમાં ઘરે-ઘરે જઈને સર્વે કરી, સલાહ અને માર્ગદર્શન આપ્યું હતું. ગામમાં દિવ્યાંગતાને લાગતાં જન જાગૃતિ માટે દિવાલો પર સૂત્ર લખવામાં આવેલ. તેમજ તા. ૨૦-૪-૨૦૧૯ ના રોજ કોળિયાક કુમાર શાળામાં કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં પી.એન.આર. સોસાયટીની સી.બી.આર. ની ટીમ દ્વારા આંખ-કાનની તપાસ કરવામાં આવેલ અને તાલીમાર્થીઓ દ્વારા મનોવૈજ્ઞાનિક કસોટી, તેમજ સ્પીચ અને ભાષાની તપાસ પણ કરવામાં આવેલ.

### વિદાય સમારંભ

બી. એડ. ૨૦૧૭-૧૯ના બે તાલીમાર્થીઓનો વિદાય સમારંભ તા. ૮-૫-૨૦૧૯ના રોજ, ૧૨ કલાકે, મહાવીર ઓડિટોરિયમમાં યોજાયેલ. જેમાં કોલેજના તાલીમાર્થીઓ દ્વારા વિવિધ કાર્યક્રમો જેમ કે, ફન એક્ટિવિટી, સન્માન, ગીત, નૃત્ય વગેરે પ્રસ્તુત થયા. જેમાં સંસ્થાના મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયા, કોલેજના ચેરમેન શ્રી ધીરૂભાઈ ધંધુકિયા, શ્રી મફતકાકા તેમજ અન્ય ટ્રસ્ટીગણ ઉપસ્થિત રહ્યાં અને વિદાય લેતા તાલીમાર્થીઓ પ્રગતિ કરે તેવી શુભેચ્છાઓ આપી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન TTC ના તાલીમાર્થીઓ દ્વારા શ્રી સંતોષભાઈ યાદવના માર્ગદર્શનમાં કરવામાં આવ્યું હતું.





# સંક્ષિપ્ત સમાચાર

✍ વિપુલ જેઠવા



## શ્રીમતી પ્રભાકુંવરબેન રતિલાલ વાઘર આર્ટિફિશીયલ લિમ્બ સેન્ટર

◈ માહે જાન્યુઆરી થી માર્ચ-૧૯ દરમ્યાન કુલ ૧૯ ની-બ્રેસના કેમ્પ કરવામાં આવેલ હતાં. જેમાં બેંગ્લોર, મૈસુર, અનંતપુર, સુપોલ, વીરભૂમી, કોલીઘાટ, ઈચલકરંજી, પોચમપલ્લી, પુના, ઘટાંજી, જલંધર, હૈદ્રાબાદ, સીરસી, જયપુર, હનુમાનગઢ, મદ્રાસ, મુંબઈ, નાસિક, દિલ્હી મુકામે કેમ્પો કરવામાં આવેલ હતાં. જેમાં કુલ મળીને આશરે ૧૫૬૫ લાભાર્થીઓને, કુલ ૩૧૩૦ જેટલી **ની-બ્રેસ** પૂરી પાડવામાં આવેલ હતી. જેમાં સુપોલ, વીરભૂમી કોલીઘાટ, પોચમપલ્લી, ઘટાંજી કેન્દ્ર સરકારશ્રીની સંસ્થા હેલ્પએજ) દ્વારા યોજવામાં આવેલ હતાં. ની-બ્રેસના ઉપયોગથી, ની રીપ્લેસમેન્ટની જરૂરિયાત રહેતી નથી અને દર્દીને ઘૂંટણના દુ:ખાવામાં રાહત રહે છે.



◈ જયારે સ્થાનિક કક્ષાએ જાન્યુ. થી માર્ચ-૧૯ દરમ્યાન કુલ ૨૭૦ જેટલાં લાભાર્થીઓને તપાસવામાં આવેલ, જેમાં લાભાર્થીઓને આશરે ૨૨૦ જેટલાં જુદાં-જુદાં સાધનો જેવા કે, આર્ટિ. હેન્ડ, આર્ટિ. લેગ, વાલગસ પેડ, એલ. એસ. બેલ્ટ, ની-બ્રેસ વિગેરે પૂરાં પાડેલ છે. તેમજ જરૂરિયાતમંદ દર્દીઓને સર્વાઈકલ કોલર ફક્ત ટોકન પેમેન્ટથી પૂરું પાડવામાં આવેલ.

◈ માહે જાન્યુઆરી-૧૯ નાસિક તથા લોનાવાલા મુકામે કૃત્રિમ હાથ-પગ, તેમજ કેલીપર્સ અને અન્ય સાધનોનો કેમ્પ, સંસ્થાના પી. એન્ડ ઓ. કુ. કાજલબેન દ્વારા કરવામાં આવેલ. જેમાં કુલ ૧૭૫ જરૂરિયાતમંદ દિવ્યાંગોને, આશરે ૨૧૫ જેટલાં જુદા-જુદા સાધનો પૂરાં પાડવામાં આવેલ. જેમાં આયોજકોએ આર્થિક તેમજ પોતે સહકુટુંબ હાજર રહી ઉત્કૃષ્ટ સેવા પૂરી પાડેલ હતી. તેમજ સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ, શ્રી અશ્વિનભાઈ પંડયા તેમજ શ્રી જીતુભાઈ શાહે રૂબરૂ હાજર રહી, ખૂબજ જહેમત ઉઠાવી હતી. દિવ્યાંગ વ્યકિતઓને કૃત્રિમ સાધનો પહેરીને આપેલ પ્રતિભાવથી, સર્વે ગદ્‌ગદિત થઈ ગયેલ હતાં.

◈ આ ઉપરાંત માર્ચ માસમાં એક બીજો કૃત્રિમ હાથ પગનો કેમ્પ દમણ મુકામે યોજવામાં આવેલ. જેમાં આશરે ૬૫ લાભાર્થીઓને ૮૪ જેટલાં કૃત્રિમ સાધનો પૂરાં પાડવામાં આવેલ હતાં.

# મમતાબેનની કહાની...

મૂળ ગારિયાધારના વતની અને હાલ સુરત રહેતા મમતાબેનને, માત્ર ૩ વર્ષની ઉંમરે રસ્તામાં પગ ઉપરથી સરકારી બસ ચાલી ગઈ હતી. પગ લોચો થઈ ગયો હતો. અંગૂઠા ઉપર ૧૪ વર્ષ પસાર કર્યા અને પગ કપાવવો પડે તેવી સ્થિતિ સર્જાતા, જિંદગી જીવવી અઘરી થઈ પડી હતી. પરંતુ કૃત્રિમ પગ ફીટ કરવામાં આવતાં, હાલ સાડીના સંપૂર્ણ વ્યવસાયનો ભાર પોતાના પગ ઉપર ઉપાડી લીધો છે. ભાવનગરની પી.એન.આર. સોસાયટીનું વિકલાંગો માટે કૃત્રિમ હાથ-પગનું પ્રદાન સમગ્ર દેશમાં જાણીતું છે. ખી.લ. બહેરાં-મૂંગા શાળાના ટ્રેઝરર શ્રી જીતુભાઈ શાહે માહિતી આપતા જણાવ્યું કે, "મમતાબેન તુલશીભાઈ કથીરિયા જેવા ઘણાં કિસ્સાઓમાં આપણે સફળ થયા છીએ. જેનાથી અનેક જિંદગીઓમાં પ્રકાશ ફેલાયો છે. હાલ ભાવનગર ઉપરાંત અન્ય સ્થળોએ કેમ્પ યોજીને પણ આ સેવા આપવામાં આવી રહી છે. મમતાબેન દાંડિયા, રાસ-ગરબા રમી શકે છે, ટ્રેકિંગ કરી શકે છે, ટૂંકમાં પગ કપાવવો પડયો છે, તે વાત જ કૃત્રિમ પગે ભૂલાવી દીધી છે. તેમના પતિ પણ પોલિયોના કારણે કમરમાંથી વિકલાંગ છે, પરંતુ હિરાના કામકાજમાં તેઓ જોડાયેલાં છે. અને આ રીતે તેઓ હાલ સુખી દામ્પત્ય જીવન જીવી રહ્યાં છે.



✍ જીતુભાઈ શાહ



# સંક્ષિપ્ત સમાચાર

✍ નેહલ ગઢવી

## 'અંકુર' મંદબુધ્ધિવાળાં બાળકોની વિશિષ્ટ શાળા



### પ્રભુવંદના કાર્યક્રમ



દર વર્ષની માફક આ વર્ષે પણ, તા. ૧૦-૩ ના રોજ સંસ્થાના દાતા અને શુભેચ્છક શ્રી ખુશેન્દ્રભાઈ દેસાઈના પિતા સ્વ. શ્રી જયંતિલાલ દુર્લભજીભાઈ દેસાઈ, તેમજ શ્રી ખુશેન્દ્રભાઈના ધર્મપત્નિ સ્વ. થોરુનબેનના સ્મરણાર્થે **પ્રભુવંદના** કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં ડૉ. શ્રી ભાવનાબેન અંધારિયા, શ્રી રેશ્માબેન શાહ તથા શ્રી ક્રિષ્નાબેન રૂપેરાએ સુંદર ભજનો કરી શ્રધ્ધાંજલી અર્પેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી નેહલબેન ગઢવીએ કરેલ. આ પ્રસંગે શાળામાં ટ્રસ્ટીગણ, સ્ટાફ તથા બાળકો ઉપસ્થિત રહેલ.

### ધૂળેટી પર્વની ઉજવણી



તા. ૧૮-૩ ના રોજ દર વર્ષની માફક આ વર્ષે પણ લાયન્સ કલબના સભ્યો દ્વારા બાળકો સાથે હર્ષોલ્લાસ સાથે **ધૂળેટી પર્વ**ની ઉજવણી કરવામાં આવેલ. આ પ્રસંગે લાયન્સ કલબના સભ્યો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ તથા તેઓ તરફથી દરેક બાળકોને પીચકારી તથા નાસ્તો આપવામાં આવેલ.

### C.R.E. પ્રોગ્રામ



તા. ૨૨-૩ થી ૨૪-૩ દરમ્યાન નટરાજ કોલેજ ખાતે, RCI-ZCC (ઝોનલ કો-ઓર્ડિનેશન કમીટી) ના સહયોગથી 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા-ટ્રસ્ટ સંચાલિત ટીચર્સ ટ્રેઈનિંગ કોલેજ દ્વારા, **એડલ્ટ ઈન્ડિપેન્ડટ લીવિંગ** વિષય પર ૩ (ત્રણ) દિવસીય સી.આર.ઈ. પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ. જેમાં ભાવનગર તેમજ ગુજરાતના અલગ-અલગ જિલ્લામાંથી કુલ ૫૦ શિક્ષકો હાજર રહેલ તથા એકસપર્ટ તરીકે ડૉ. શ્રધ્ધારાય, શ્રી અનિલભાઈ લેઉવા (G.K.T. - અમદાવાદ), શ્રી અજીતકુમાર (C.R.C. - અમદાવાદ), શ્રી ધવલભાઈ વ્યાસ-પાલનપુર ઉપસ્થિત રહેલ. આ સી.આર.ઈ. પ્રોગ્રામને સફળ બનાવવા શાળાના આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી, કો-ઓર્ડિનેટર શ્રી રેશ્માબેન શાહ તથા શિક્ષક શ્રી આરિફભાઈ જેઠવાએ સરાહનીય કામગીરી બજાવેલ.

### મતદાન જાગૃતિ કાર્યક્રમ

તા. ૨૮-૩ ના રોજ **મતદાન જાગૃતિ અભિયાન** અંતર્ગત, વાલીઓ માટે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં પ્રોબેશન ઓફિસર શ્રી પ્રદિપસિંહ ગોહિલ દ્વારા મતદાનના મહત્વ અંગે માર્ગદર્શન આપવામાં આવેલ તથા શ્રી મુકેશભાઈ વાઘેલાએ મતદાન અંગેની શપથવિધિ કરાવેલ. તેમજ વિડિયો દ્વારા મતદાન અંગેનું ડેમોસ્ટ્રેશન શ્રી જયપાલસિંહ ગોહિલે કરવેલ.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી રેશ્માબેન શાહે તથા આભારવિધિ આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી દ્વારા કરવામાં આવેલ.

## સ્કૂલ બેગ વિતરણ કાર્યક્રમ

તા. ૨૦-૪ ના રોજ ગુજરાત બેંક વર્કસ યુનિયનના સ્થાપના દિવસ નિમીત્તે, યુનિયનના સભ્યો દ્વારા શાળામાં તાલીમ મેળવતા દરેક બાળકોને સ્કૂલ બેગનું વિતરણ કરવામાં આવેલ.

## હાસ્ય દરબાર



'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા, મંદબુધ્ધિ બાળકોના શિક્ષણ, તાલીમ, કેળવણીના ક્ષેત્રે ૪૦ વર્ષથી નોંધપાત્ર કામ કરી રહી છે. તેથી જ એક **ચેરીટી શો**નું આયોજન તા. ૧૭-૫ ના રોજ ઈસ્કોન કલબ ખાતે થયેલું, જેમાં ભાવનગરના ૨૧૦૦ લોકોએ આ કાર્યક્રમ રસભરીને માણ્યો હતો. તથા સારું એવું ડોનેશન પ્રાપ્ત થયું અને જનજાગૃતિની નવી દિશા ખુલી છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી સાંઈરામદવેએ નિઃશુલ્ક **હાસ્ય દરબાર**નો કાર્યક્રમ તો આપ્યો, પણ દાતાઓને સંસ્થામાં જોડાયેલ રહેવા માટે કરબધ્ધ પ્રાર્થના કરી હતી. શ્રી સાંઈરામદવેના અદ્‌ભૂત અવાજ, લોકસાહિત્યની સરવાણીથી લોકો ભાવવિભોર થઈ ગયા હતાં. આ કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના ટ્રસ્ટી શ્રી અલ્પેશભાઈ શેઠ, શ્રી દેવલભાઈ શાહ, અને શાળાના આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીએ ખૂબ પ્રયાસ કર્યો હતો, તેમજ 'અંકુર' શાળાના શિક્ષકોએ ટીમવર્કનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડયું હતું. તેમજ આ અદ્‌ભૂત કાર્યક્રમમાં જાણીતા લેખક શ્રી જય વસાવડા, શ્રી કાજલ ઓઝા વૈદ્ય તેમજ લોકગાયક શ્રી કીર્તિદાન ગઢવી, શ્રી હેમાલી વ્યાસ (ગાયક) અને **'RJ'** દેવકી જોડાયા હતાં. સોશ્યલ મિડીયા પર પણ ખૂબ સરાહનિય પ્રતિભાવ મળ્યો હતો, ૬૩,૦૦૦ લોકોએ ફેસબુક લાઈવ આ કાર્યક્રમ નિહાળ્યો હતો તથા ૬,૦૦,૦૦૦ થી વધુ લોકોના સોશ્યલ મિડીયા પર **'View'** મળ્યાં છે. 'અંકુર' ના ઈતિહાસમાં શ્રી સાંઈરામદવેએ એક સોનેરી અધ્યાય અંકિત કર્યો હતો.

# 'સંસ્થાગત કાર્યોમાં વ્યકિતની ઓળખ'





શિશુવિહાર સંસ્થા દ્વારા, **'સંસ્થાગત કાર્યોમાં વ્યકિતની ઓળખ'** વિષે એક દિવસીય શિબીરનું આયોજન, પી.એન.આર. સોસાયટીના કોન્ફરન્સ હોલમાં રાખવામાં આવેલ. જેમાં લોકભારતી, ગ્રામવિદ્યાપીઠના પૂર્વ નિયામક, પ્રાધ્યાપકશ્રી પ્રવીણભાઈ ઠક્કરે આ વિષય પર વિસ્તૃત વકતવ્ય અને માર્ગદર્શન આપી, ચર્ચા કરવામાં આવેલ. આ શિબીરમાં શ્રી નાનકભાઈ ભટ્ટ (શિશુવિહાર), દ્વારા પ્રસંગ પરિચય આપી, એક દિવસીય તાલીમ શિબીરનો પ્રારંભ કરેલ. જેમાં પોઝિટીવ થિંકીંગ, ટાઈમ મેનેજમેન્ટ અને ટીમવર્ક જેવા વિષયો પર વાત કરેલ અને સંસ્થા દર્શન દરમિયાન સેવા કાર્યમાં આવતી સમસ્યાઓ અને સમાધાન અંગે વિચારોની આપ-લે કરેલ. આ કાર્યક્રમમાં શ્રી બાબાભાઈ, શ્રી કિરીટભાઈ રાઠોડ, શ્રી પારસભાઈ શાહ, શ્રી એચ.પી. રાખશિયા (પી.એન.આર.), શ્રી વી. ડી. શાહ તથા શ્રી કીર્તિભાઈ ગાંધી (લોઢાવાળા હોસ્પિટલ) અને શિશુવિહારના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# ૧ એપ્રિલ '૧૯ થી ૩૧ મે '૧૯ સુધીના દાતાઓની યાદી

PNR
HOPE 4 ALL

## P. N. R. SOCIETY

### 80-G

| | |
|---|---|
| M/S Kawarlal and Co - Chennai | 15,000 |
| Shri Asha Naithani Dayama - Mumbai | 21,000 |
| Shri Hemant Punamchand Kapasi - Mumbai | 5,001 |
| Shri Ambikaben Tekariwal - Bhavnagar | 17,500 |
| Shri Sanaya Realties Private Limited - Mumbai | 21,000 |
| Shri Rasik R. Doshi - Mumbai | 25,000 |
| Shri Prabhu Chettiyar - Mumbai | 1,111 |
| Shri Kirtibhai A. Bhuta - Mumbai | 25,000 |
| Shri Nest Yog Group - Bhavnagar | 5,000 |
| Shri Sab Ka Mangal Ho Foundation - Mumbai | 25,000 |
| Shri Sunil Jethalal Shah(Huf) - Mumbai | 11,000 |
| Shri Kishorebhai Shukla And Smt.Damayan - Canada | 25,000 |
| Shri D.G.Kosiya & B.G.Kosiya Parivar Charitable Trust - Bhavnagar | 3,50,000 |
| Shri Hasitbhai Ashwinbhai Dani - Mumbai | 30,000 |
| M/S Silver One - Mumbai | 25,000 |
| Shri Mrunali Mansukhbhai Gaijan - Bhavnagar | 30,000 |
| M/S Navin Maniar Foundation - Mumbai | 31,000 |
| Shri Dalal Family Charitable Foundation - Mumbai | 10,00,000 |
| M/S Nikeon Corporation - Mumbai | 11,000 |
| Shri Oswal Yatrik Gruh - Palitana | 15,000 |
| Shri Oswal Yatrik Gruh - Palitana | 25,000 |
| Shri Urviben Sardulbhai Rathod - Mahuva | 2,000 |
| Shri Urviben Sardulbhai Rathod - Mahuva | 2,000 |
| M/S Manav Jagriti Foundation - Banglore | 20,000 |
| M/S Kumar Minerals - Bhavnagar | 75,000 |
| Shri Urviben Sardulbhai Rathod - Mahuva | 1,000 |

### FCRA

| | |
|---|---|
| M/S Impact Foundation - U. K. | 513,009 |

## K. L. INSTITUTE FOR THE DEAF - TRUST

| | |
|---|---|
| Late Varshaben Kanaklal Kanakiya - Bhavnagar | 7000 |
| Shri Jagrutiben Ketanbhai Shah - Mumbai | 9000 |
| Shri Sumtinath Anukampa Group - Bhavnagar | 3100 |
| Shri Ramlal Kawarlal Jain - Chennai | 50000 |
| Shri Kamleshbhai R. Sheth (Sheth Brothers) - Bhavnagar | 2500 |
| Shri Kamleshbhai R. Sheth (Sheth Brothers) - Bhavnagar | 2500 |
| Shri Sejal Bharat Oza - Mumbai | 1500 |
| Shri Anil P. Parekh - Mumbai | 30000 |
| Dr. Shri Madhuri S. Nandu - Songadh | 1500 |
| Dr. Shri jaswantray Gokaldas Parekh - Navsari | 4000 |
| Shri Mahendra Jamnadas Ajmera - Mumbai | 11000 |
| Shri Rashidaben Munvarhusain Laxmidhar - Palitana | 1500 |
| Shri Charuben Pankajbhai Shah - Bhavnagar | 2000 |
| Shri Charuben Pankajbhai Shah - Bhavnagar | 4000 |
| Shri Charuben Pankajbhai Shah - Bhavnagar | 4000 |
| Shri Pushpaben Bhupatlal Bavishi - Mumbai | 11000 |
| Shri Mansukhlal H. Bhimani - Mumbai | 2500 |
| Late Bhikhabhai Karnabhai Kalsariya - Mahuva | 7000 |
| Shri Kalpanaben Prakashbhai Shah - Mumbai | 3000 |
| Shri Amitaben Jain - Bhavnagar | 5000 |
| Late Jyotiben Vinodray Shah - Bhavnagar | 7000 |
| Rotary Club Of Puna University Charitable Trust - Pune | 35000 |
| Shri jitubhai J. Shah - Bhavnagar | 9000 |
| Shri D. K. Ajmera Foundation Trust - Mumbai | 525000 |
| Shri Nehul Maheshkumar Sanghavi - Mumbai | 11000 |
| Shri Sheth Optical - Ahmedabad | 7500 |
| Shri Sheth Opticals - Ahmedabad | 7500 |
| Late Rasiklal Ramniklal Doshi - Mahuva | 1001 |
| Shri Chem Intel - Mumbai | 5000 |
| Shri Chem Intel - Mumbai | 5000 |
| Shri Chem Intel - Mumbai | 5000 |
| Shri Chem Intel - Mumbai | 10000 |
| Shri Pragneshbhai Sheth (Sheth Brothers) - Bhavnagar | 2100 |
| Shri Vasuben Rameshbhai Shah - Bhavnagar | 5000 |
| Shri V. P. Tamboli - Bhavnagar | 10000 |
| Shri Chandrika Ashokkumar Vyas - Mumbai | 2100 |
| Shri Natvarlal Mohanlal Soni - Bhavnagar | 12000 |
| Shri Nirumatiben Natvarlal Soni - Bhavnagar | 13000 |
| Shri D. K. Ajmera Foundation Trust - Mumbai | 50000 |
| Shri Vibhaben Ajaybhai Doshi - Bhavnagar | 5000 |
| Shri Yogeshkumar Chandulal Thakker - Bhavnagar | 10000 |
| Shri Gautam Medical Store - Bhavnagar | 2003 |
| Shri Chiragbhai Patel - Bhavnagar | 4100 |
| Shri Om Sai Vishvanath - Bhavnagar | 15000 |
| Shri Om Sai Amit - Bhavnagar | 15000 |
| Shri Om Sai Darshan - Bhavnagar | 15000 |
| Shri Om Sai Vishvanath - Bhavnagar | 15000 |
| Shri Om Sai Amit - Bhavnagar | 15000 |
| Late Soni Dayaben Jayantilal Mandaliya - Bhavnagar | 7000 |
| Late Soni Dayaben Jayantilal Mandaliya - Bhavnagar | 4000 |
| Late Soni Dayaben Jayantilal Mandaliya - Bhavnagar | 31000 |
| Late Soni Dayaben Jayantilal Mandaliya - Bhavnagar | 10000 |
| Shri Bakulaben Maheshbhai Trivedi-Bhavnagar | 15000 |
| Shri Bakulaben Maheshbhai Trivedi-Bhavnagar | 4000 |
| Shri Maltiben Rajyaguru - Bhavnagar | 7000 |
| Shri Maltiben Rajyaguru - Bhavnagar | 15000 |
| Shri Kokilaben Mahendrkumar Shah-Ahmedabad | 30000 |
| Shri Subodhchandra V. Shah - Palitana | 20000 |
| Shri Darshanben Amitbhai Shah - Ahmedabad | 10000 |
| Shri Nirmalaben Jaysukhlal M. - Mumbai | 15000 |

## SHRI V. C. LODHAWALA HOSPITAL

| | |
|---|---|
| Samir Diamond Export Pvt. Ltd. Mumbai | 1,00,000 |
| Smt. Monghiben Natvarlal | 10,000 |
| Rajesh Ramniklal Modi | 5,000 |
| Nisha Bhavish Bhuta, Mumbai | 20,000 |
| Alpa Hiten Bhuta, Mumbai | 40,000 |
| Hiten Haresh Bhuta, Mumbai | 40,000 |
| Shital Dipakbhai Rathod | 10,000 |
| Jyotindra Gulabchand Shah | 6,000 |
| Wales Lighting and Plastic Industries, Mumbai | 1,00,000 |
| Medinex Laboratories Pvt. Ltd. | 1,30,000 |

## લાઈબ્રેરી-કોર્નર

### સેરિબ્રલ પાલ્સીથી પીડિત સ્ટેફ પ્લેયરોને શિખવાડે છે ફિટનેસના ગુણ

સ્ટેફ 'ધ હેમર' હેમરમેનનો જન્મ થયો ત્યારે તે સેરિબ્રલ પાલ્સીથી પીડિત હતી. ડૉકટરોએ કહ્યું કે તે કયારેય ચાલી નહીં શકે. સ્ટેફે પોતાના જીવનને એક નવા મુકામ પર લઈ જવા જીમમાં હાથ અજમાવવાનો નિર્ણય કર્યો. તે આ બિમારીથી પીડિત દુનિયાની પહેલી લેવલ-૨ જીમ ટ્રેનર છે. હાલમાં તેમણે અમેરિકાના નોર્થ કેરોલિનામાં જીમ શરૂ કર્યું છે, જેમાં તે પ્લેયરોને ફિટનેસની તાલીમ આપે છે. ૨૦૧૬માં તેને કેન્સર થયું હતું અને પછી તે સાજી થઈ ગઈ.

### દિવ્યાંગ બાળકો માટે માઉન્ટ એવરેસ્ટ પર રગ્બી મૅચ રમાઈ, ૨.૨૭ કરોડ ફંડ એકઠું કરાયું

બ્રિટનની એક એન.જી.ઓ.એ માઉન્ટ એવરેસ્ટની ૨૦,૭૭૧ ફૂટની ઊંચાઈએ ચેરિટી રગ્બી મેચનું આયોજન કરી, વર્લ્ડ રેકોર્ડ નોંધાવ્યો. દિવ્યાંગ બાળકોની દેખરેખ માટે ફંડ એકત્રિત કરવા રમાયેલી આ મેચમાં, વિશ્વભરના રગ્બી ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેના થકી ૨.૨૭ કરોડથી વધુની રકમ એકત્રિત કરાઈ હતી. મેચમાં દરેક ટીમમાં ૭-૭ ખેલાડીઓ હતાં તેમાંથી કેટલાકને ચકકર આવી ગયા હતાં અને શ્વાસ લેવામાં મુશ્કેલી પડતી હતી છતાં દરેક ખેલાડી પોતાનું ૧૦૦ ટકા યોગદાન આપ્યું.

Peace is not the absence of conflict but the ability to cope with conflict by peaceful means.

**- Ronald Reagan**

## આભાર પત્ર

માનનીય ટ્રસ્ટીઓ,

આપના ૨૦ એપ્રિલ, ૨૦૧૯ ના ગુરુદેવ માટેના શોક સંવેદનાના પત્ર માટે સહપરિવાર હું આપની આભારી છું. ગુરુદેવ તરફના આપ સૌના માન અને પ્રેમ માટે પણ આભાર.

ગુરુદેવના પવિત્ર હૃદયમાં કરૂણા, મૈત્રી અને પ્રેમનો સ્ત્રોત તો અસ્ખલિત વહ્યા જ કરતો; એટલે પાલિતાણા જતાં પી.એન.આર. સોસાયટીની એમની મુલાકાતો તો સ્વાભાવિક હતી. વિકલાંગોને, પછી તે શારીરિક હોય કે માનસિક; સાહસિક બનાવી તેમનું જીવન સુંદર રીતે વ્યતીત થાય એ માટે તેઓ સદા તત્પર રહેતાં.

તમે કાગળમાં જેમ લખ્યું છે તેમ, હવે આપણે સૌએ એમણે કંડારેલી કેડી ઉપર ચાલવાનું છે અને આપણાં જીવનને તેમજ એમની જીવન યાત્રાને સફળ બનાવવાના છે. ગુરુદેવ સદાય પી.એન.આર. સોસાયટીના ઉમદા કાર્યોને બિરદાવતા. એમના આશીર્વાદ તમારા નેક અને મહાન કામ માટે કાયમ રહેશે જ.

આભાર અને શુભેચ્છા.

**- પ્રમોદાબેન ચિત્રભાનૂ**

## અન્ય-સંસ્થા-સમાચાર

### શ્રી પ્ર.સ. કોઠારી બહેરાં-મૂંગા શાળામાં બાળકોને પ્રવેશ

છેલ્લાં ૪૯ વર્ષથી માનવ કલ્યાણ ટ્રસ્ટના નેજા હેઠળ મૂક-બધિર બાળકો માટે, બાળવર્ગથી ધો. ૮ સુધીની નિવાસી શાળા, ચલાવે છે. અપાર નૈસર્ગિક સુંદર વાતાવરણમાં, બાળકોને શિક્ષણ તથા ઔદ્યોગિક તાલીમ આપવામાં આવે છે. બાળકોને રહેવા માટે અદ્યતન સુવિધા સાથેની છાત્રાલયની વ્યવસ્થા છે. **અહીં બાળકોને શિક્ષણ, ઔદ્યોગિક તાલીમ તથા રહેવા - જમવાની વ્યવસ્થા વિનામૂલ્યે આપવામાં આવે છે.**

જૂન-૨૦૧૯ ધો. ૮ માટે સંસ્થા તથા છાત્રાલયમાં પ્રવેશ મેળવવા ઈચ્છુકે **મંત્રીશ્રી, શ્રી પ્ર. સ. કોઠારી બહેરાં-મૂંગા વિવિધલક્ષી વિદ્યાલય, મહેશભાઈ કોઠારી માર્ગ, વિજલપોર, તા. જલાલપોર, જિ. નવસારીમાં રૂબરૂમાં અથવા પોસ્ટથી ફોર્મ મેળવી સંસ્થામાં મોકલી આપવા જણાવવામાં આવે છે.** વધુ માહિતી માટે જરૂર જણાયે ફોન નં. (૦૨૬૩૭) ૨૮૩૮૬૦/ ૨૮૩૭૮૫ તથા મોબાઈલ નં. ૯૮૨૫૭૩૦૯૩૭ ઉપર સંપર્ક કરવો.

# "એક શામ સૂરોં કી શામ"



કર્મચારી કલ્યાણ અંતર્ગત, પી.એન.આર. સોસાયટીના ફેમિલી ફોરમના ઉપક્રમે જૂના-નવા ફિલ્મી ગીતોનો કાર્યક્રમ, નટરાજ કોલેજ ખાતે, તા. ૧૪-૪ ના રોજ યોજાયેલ. જેમાં સુવિખ્યાત **'સૂર સંસ્કૃતિ ગ્રુપ'**ના ગાયક કલાકારો શ્રી નયનબાબુ ભલાણી, શ્રીમતી મીનાબેન ભલાણી, શ્રી પી. ઝેડ નાથાણી, શ્રી રૂજીતા ભલાણી અને સંગીતકારો શ્રી જલદિપભાઈ શાહ અને દેવેન્દ્રભાઈ મહેતાએ ઉપસ્થિત સૌ કોઈને મસ્તીમાં ડોલાવી દીધાં હતાં. આ પ્રસંગે કલાકારોને પુષ્પગુચ્છ, શાબ્દિક સ્વાગત તથા સ્મૃતિ ચિન્હ અર્પણનું કાર્ય, સંસ્થાના માનદ્ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ દ્વારા કરાવવામાં આવેલ. આ કાર્યક્રમમાં સંગીત જગતના અગ્રણીઓ સર્વશ્રી ડૉ. કમલેશ આવસત્થી, શ્રી રાજેશ વૈશ્નવ (સુરીલી સાંજ), શ્રીમતી પદમજાબેન (લંડન), શ્રી ધીરેનભાઈ વૈશ્નવ તથા સંસ્થાના હોદ્દેદારો સર્વશ્રી મફતભાઈ શાહ, શ્રી હર્ષકાંતભાઈ રાખશિયા, શ્રી ધીરૂભાઈ ધંધુકિયા, શ્રી મહાસુખભાઈ જકડિયા વિગેરે ઉપસ્થિત રહયાં હતાં. આ કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના માનદ્ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ અને તેની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

# " વર્લ્ડ પાર્કિન્સનન્સ ડે"ની ઉજવણી



ભાવનગરની પી.એન.આર. સોસાયટીમાં ઘણાં વર્ષોથી ચાલતી સમાજ સેવાની પ્રવૃત્તિઓમાં ગુજરાત રાજયમાં શ્રી બી.કે. પારેખ પાર્કિન્સન્સ સપોર્ટ ગ્રુપનું ભાવનગર ચેપ્ટર અગ્રણી છે. લગભગ અસાધ્ય ગણાતાં પાર્કિન્સન્સ વ્યાધીને સ્વિકારી, વડિલો આનંદ-પ્રમોદ સાથે નિષ્ણાંત ફિઝીયોથેરાપીસ્ટ દ્વારા કસરતો કરાવવામાં આવે છે. તા. ૧૧-૪ ના રોજ પી.એન.આર. સોસાયટીની ટીમે, વૃધ્ધાશ્રમમાં જઈ, પાર્કિન્સન્સની જાગૃતિ માટે કસરત તથા તે અંગેની માહિતીનું આદાન-પ્રદાન કરેલ. લગભગ ૧૦૦ વ્યકિતઓ લાભાન્વિત થયેલ હતાં.

# શહીદોને શ્રધ્ધાંજલિ

પી.એન.આર. સોસાયટી સંચાલિત નટરાજ કોલેજ સંકુલમાં (મગજના લકવાવાળા) સેરીબ્રલ પાલ્સીવાળા બાળકોની શાળામાં, દક્ષિણ કાશ્મીરના પુલાવામાં ભીક્ષણ આંતકવાદી હુમલામાં શહીદ થયેલ, સીમા સુરક્ષા દળના ૪૪ જવાનોને ઈન્કલુઝીવ બાળકો, વિશિષ્ટ શિક્ષકો, કર્મચારીઓ, ટ્રસ્ટીગણે સ્વયંભૂ કેન્ડલ પ્રકટાવી તા. ૧૬–૨–૧૯ ના રોજ શ્રધ્ધાંજલિ પાઠવી અને મૌન પાળ્યું હતું. આંતકવાદી હુમલાને વખોડી, શહીદોના પરિવારજનોને દુ:ખ સહન કરવાની શકિત આપે, એ માટે પ્રાર્થના કરી હતી.



Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2019-21 ◆ Monthly
Date of Publication : 15 June - 2019 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24




Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001 Tel.: 91-22-22614505/06/07
Email: feedback@hindustanpencils com